# પ્રકરણ ૪

## અખબારી ગુજરાતી નવલકથા :

## ઉદ્‌ભવ અને વિકાસ

# પ્રકરણ ૪

# અખબારી ગુજરાતી નવલકથાઃ
# ઉદ્‌ભવ અને વિકાસ

**ભૂમિકા :**

નવલકથા સામાન્ય વાચકથી માંડીને છેક વિજ્ઞાન સુધીના સૌને સ્પર્શતુ સ્વરૂપ છે, તેનું કારણ એટલું જ કે તેણે અખબારને પોતાનું માધ્યમ બનાવ્યું છે. પત્રકારત્વ કોઈપણ વસ્તુને સમૂહ સુધી પહોંચાડી શકે છે. ફિલ્મ, ટી.વી., રેડિયો, કમ્પ્યુટર, અખબાર આ પાંચ પત્રકારત્વના માધ્યમોમાં અખબારનો પ્રારંભ સૌ પ્રથમ થયો. અખબાર સૌથી જૂનું અને સૌથી સક્ષમ પ્રચાર માધ્યમ છે. તેથી આજે ઈન્ટરનેટના જમાનામાં અખબાર હજુ ટકી શક્યું છે.

વિશ્વમાં અને ભારતમાં મુદ્રણવિદ્યાએ પત્રકારત્વને માટે સબળ ભૂમિકા બાંધી આપી. મુદ્રણ યંત્રોની શરૂઆત થતાં જ જાણે કે પત્રકારત્વને વેગ મળ્યો. એમાંય વળી સાહિત્યિક પત્રકારત્વે જુદી જ અસર કરી 'સાહિત્યિક પત્રકારત્વ' શબ્દની પરિભાષા સ્પષ્ટ થઈ નથી. ઘણા પત્રકારો 'સાહિત્યિક પત્રકારત્વ' શબ્દ પ્રયોજવા સાથે સહમત અથવા સંમત થતા નથી. 'સાહિત્યિક પત્રકારત્વ'નો અર્થ ઘટાવવો હોય તો બહુ બહુ તો એમ કહી શકાય કે, ''સાહિત્યિક સમાચાર તથા સાહિત્યિક ગતિવિધિઓ, સાહિત્યિક ચર્ચાઓ, સમીક્ષાઓ વગેરેના પ્રાધાન્યવાળી પત્ર - પત્રિકાઓનું લેખન - સંપાદન - પ્રકાશન.''[૧]

'પત્રકારત્વ' સમગ્ર જગતને અસર કરતું એક મહત્ત્વનું પરિબળ હોઈ તેનો પ્રભાવ અસરકારક રહ્યો છે

પત્રકારત્વની જેમ 'સમાચાર'એ સાહિત્યનું લક્ષ્ય નથી. અખબાર ભલે સાહિત્યના વિભાગો કે પૂર્તિઓ પ્રકાશિત કરે, પણ એ બધી પૂરક સામગ્રી છે. પત્રકારત્વ અને સાહિત્યના સંપર્ક નવાં જ પરિણામ આપે છે. છતાં બંનેના ઉદ્દેશો જુદા છે. પત્રકાર 'સ્વાતઃ સુખાય' નથી લખતો. એની નજર 'બહુજન' પર મંડરાયેલી છે. જયારે સાહિત્યકારની દષ્ટિ સીમિત વર્ગ પર માત્ર ભાવકો પર મંડારાયેલી રહે છે. આ વસ્તુને પ્રત્યક્ષ કરવા માટે ઘણાએ પ્રયત્ન કર્યો છે.

'સાહિત્ય અને પત્રકારત્વ'ના ભેદ તથા નિકટતાને સમજાવતાં શ્રી વાડીલાલ ડગલીએ કહ્યું છે : ''સાહિત્ય એટલે એવું લખાણ જેનું મુખ્ય લક્ષણ સર્વકાળ અને સર્વસ્થળના ભાવકોને આનંદ આપે એવા વિચારોની અભિવ્યકિત અને આકૃતિ હોય. સાહિત્યના હાર્દમાં બહુ વિશાળ અર્થમાં વિચાર છે. આ વિચારની રજૂઆત તે અભિવ્યકત અને જે કૃતિ ધ્વારા અભિવ્યકત થાય છે, તેની રચનાકળા એટલે આકૃતિ''[૨]

સાહિત્ય આ રીતે પોતાની રીતે, પોતીકી ઊર્મિઓથી, પોતાના જેવા જ હ્દયવાળા સમજ સૂઝવાળા લોકોને લક્ષે છે. સાહિત્ય મુદ્રણ નહોતું ત્યારેય હતું પત્રકારત્વ. મુદ્રણ માધ્યમના વિકાસની એક આડપેદાશ છે એટલે એનું આયુષ્ય માંડ સાડા ત્રણ સો વર્ષ જેટલું પણ એનો સાહિત્ય સાથેનો સંબંધ પ્રથમથી જ ગાઢ રહ્યો છે. પત્રકારત્વના પ્રારંભકાળમાં દૈનિકો નહોતાં પણ સામાયિકો હતાં અને મોટાભાગનાં સામાયિકો પ્રસિધ્ધ સાહિત્યકારો દ્વારા જ ચલાવાતાં. આ હકીકત એ એક મહત્ત્વની હકીકત બની રહે છે.

બીજુ નોંધનીય એ છે કે પત્રકાર અને સાહિત્યકાર બંનેનું મહત્ત્વ છે. પત્રકાર સમાજનો ફોટોગ્રાફર છે, સાહિત્યકાર સમાજનો ચિત્રકાર. ઘણા પત્રકારો સાહિત્યકાર છે અને ઘણા સાહિત્યકારો પત્રકાર છે. આ રીતે પરસ્પર ભૂમિકાઓ સંયોજાતી રહે છે ત્યારે એનું પરિણામ જુદું જ જણાય છે. સ્વાતંત્ર્ય પૂર્વેની પત્ર - પત્રિકાઓએ અંગ્રેજો સામેના ધર્મયુધ્ધમાં અસ્ત્ર - શસ્ત્રનું કામ કરી દેખાડયું છે. સાહિત્ય અને અખબાર કે પત્રકારત્વના જોડાણે એ સિધ્ધ કરી બતાવ્યું છે કે સમાજની પ્રગતિ - વિકાસ કે પરિવર્તન આ માધ્યમથી શકય છે. કારણ કે વર્ષો જુનું, પણ સમાજ કે લોકજીવનની દષ્ટિએ સાંપ્રત સમાજને ખપ લાગે એવું સાહિત્ય વાચકો માટે પત્રકારત્વ જ સુલભ બનાવે છે. ભૂતકાળ અને વર્તમાનકાળ તથા વર્તમાનકાળ અને ભવિષ્યકાળને સાંધવાનું કાર્ય સાહિત્ય અને પત્રકારત્વ જ કરી શકે છે. બીજું પત્રકારત્વ, સાહિત્યકારનાં લેખન - ઓજારોને ધારદાર બનાવવા માટે સરાણ પણ સાબિત થતું હોય છે. પત્રકારત્વ, લેખકોને અમુક પધ્ધતિમાં અને અમુક સિધ્ધિમાં મૂકી આપે છે. જેથી તેઓ એક ચોકકસ પ્રકારની તાલીમ મેળવી શકે છે.

''ઘણા બધા સાહિત્યકારોએ પત્રકારત્વની વ્યાયામશાળામાં કસરત કરીને પોતાનું સાહિત્યનું કાઠું બનાવ્યું છે.''[૩]

આ રીતે પત્રકારત્વ અને સાહિત્ય બંને પોતે પોતાને માટે અલગ ક્ષેત્રો હોવા છતાં બંને એકબીજાના માટે ઘણી બધી શકયતાઓ ઊભી કરે છે. બીજી રીતે વિચારીએ તો બંને ક્ષેત્રો જયારે એકબીજા સાથે જોડાય છે ત્યારે તેઓ બંને એકબીજાના વિકાસની નવી જ ધારાઓ પ્રસ્થાપિત કરી આપે છે. આ ધારાઓ પછીથી સમાજની ક્રાંતિ અને શાંતિ માટે એક મહત્ત્વની ભૂમિકા બની વહે છે. જેમ કે ગુજરાતી ભાષાનું ગાંધીયુગીન પત્રકારત્વ અને સાહિત્ય આ ભૂમિકાએ કાર્ય કરે છે.

પત્રકારો સાહિત્ય ધર્મ અને યુગધર્મ બન્ને તરફ નજર રાખે છે. સાહિત્યકારનો સર્જન ધર્મ જ જયારે યુગધર્મ બને છે ત્યારે તેને પત્રકારત્વ સાથે સંકળાવું પડે છે, કારણ તે વગર શકય નથી. આથી જ નમૂનારૂપ આઝાદી પહેલાંની સાહિત્યિક પત્રિકાઓમાં બન્નેનો સમાવેશ થતો હતો. બંને એ પોતપોતાની હદને વટાવી એકબીજામાં પ્રવેશ કર્યો  હતો. જેના પરિણામે ઉચ્ચ પરિણામો પ્રાપ્ત થયાં. પરંતુ સ્થિતિ એ થઈ કે ધીરે ધીરે સાહિત્યિક પત્રિકાઓ માત્ર પ્રબુધ્ધ 'વાચકો'ની પાઠ્યસામગ્રી બનવા માંડી. સામાન્ય વાચક ધીરે ધીરે પત્રિકાઓથી દૂર થતો ગયો. આ સમસ્યાના કારણમાં જોઈએ તો - એમાં ભારેખમ શોધપત્રો અને કષ્ટપ્રદ માનસિક કવાયતને અંતે સમજાય તેવા લેખો - કૃતિઓનું સંકલન બનવા માંડી ! આ પ્રકારની પત્રિકાઓએ શિષ્ટ સામગ્રીના નામે અઘરૂં - અઘરૂં સામાન્ય ભાવકના વર્તુળ બહારનું પિરસવા માંડયું. બીજા એક પ્રવાહમાં શુદ્ધ સાહિત્યિક સમીક્ષાને બદલે નીવડેલા પણ કયાંક ઉપયોગી થઈ શકે તેવા સાહિત્યકારની નબળી કૃતિનાં પણ યશોગાન થવાં લાગ્યાં.

આ બધાં કારણોથી સાહિત્યની ગુણવત્તા-અસર અને પ્રસાર પર અસરો થઈ અને પરિણામે સારા અને બળુકા નવોદિતની પીઠ થાબડવામાં આનાકાની કે ગર્ભિત મૌનનું ચલણ મહત્ત્વનું બનતું ગયું.

સાહિત્યિક પત્રકારત્વ સામાન્ય ભાવક માટે વધુને વધુ કારગત સાબિત થતું હતું પણ ઉપરોકત પ્રવાહને પરિણામે સાહિત્યિક પત્રકારત્વ મુકત પ્રાંગણને આબોહવામાં શ્વસવાને બદલે લોકાભિમુખતાથી સાવ દૂર ચોકઠું કે કુંડાળું બનાવીને બેઠેલાઓની ઠેકેદારીનો વિષય બનતું ગયું. એક જ ચોકઠાનાં અને કેટલાંક માલિકીવૃત્તિના નેજા હેઠળ સાહિત્યિક પત્રકારત્વનો શ્વાસ ગૂંગળાતો ગયો. આ સંદર્ભમાં આ મંતવ્ય મહત્ત્વનું બની રહે છે :

'ખરેખર તો સાહિત્યિક પત્રિકાએ સાહિત્ય શિક્ષણની ઓપન યુનિવર્સિટી બની શકે એવી ખમીરવાળી કેળવવું જોઈએ.'[૪]

ડૉ. ચંદ્રકાંત મહેતાનું આ મંતવ્ય ઘણું જ સાર્થક કહી શકાય. 'ઓપન યુનિવર્સિટી'ની આ સંકલ્પના હરીન્દ્ર દવેની વિચારણા સાથે મેળ ખાય તેવી છે. સાહિત્ય અને પત્રકારત્વને શ્રી હરીન્દ્રભાઈ દવેએ 'એક જ મુલ્કની બે કહાણી - તરીકે ઓળખાવ્યાં તે સર્વથા ઉચિત છે. તેમના મતે 'પત્રકારત્વ સાહિત્યકારના વ્યાપને વધારે છે. તો સાહિત્ય પત્રકારત્વને ઊંડાણ આપે છે.'[૫] આ સંદર્ભે જોઈએ તો કેટલાંક સામાયિકો મહત્ત્વનાં છે. 'મુંબઈ સમાચાર', 'જામે જમશેદ', 'ગુજરાતી રીવ્યું', 'વરતમાન' (વર્તમાન) 'બુદ્ધિપ્રકાશ', 'રાસ્ત ગોફતાર', 'સત્ય પ્રકાશ', 'ડાંડિયો', 'સત્યદીપક', 'સૂરત મિત્ર', 'ગુજરાત મિત્ર', 'શાળાપત્ર' 'ફાર્બસ સભા', 'સ્વતંત્રતા' 'ગુજરાતી' 'ખેડા વર્તમાન', 'સયાજીવિજય', 'કાઠિયાવાડ સમાચાર', 'પ્રજામત', 'પ્રજાબંધુ', 'કેસરી હિન્દ', 'હિન્દુસ્તાન ટાઈમ્સ', 'નવજીવન', 'હરિજનબંધુ', 'સૌરાષ્ટ્ર', 'ફૂલછાબ', 'જન્મભૂમિ', 'પ્રભાત', 'સંદેશ', 'વંદેમાતરમ', 'ગુજરાત સમાચાર' વગેરે સામાયિકોએ બહુ જ સાર્થક ભૂમિકા ભજવી છે.

દૈનિક પત્રકારત્વ અને સામાયિકોમાં પ્રકાશિત રચનાઓથી પણ સાહિત્યને બળ મળે છે. ઓગણીસની સદીમાં એડગર એલનપો, લૉવેલ, હોવેલ્સ, થોમસ, પેઈન, વુડ્રો વિલ્સન, હેન્ત્રી ડેવિડ થોરો અને સેમ્યુઅલ જહોન્સન સામાયિકો સાથે, અખબારો સાથે ગાઢપણે જોડાયેલા હતા.

જેમ્સ જોયસની 'યુ લિસિસ' નવલકથા, એઝરા પાઉન્ડ અને ટી. એસ. એલીયટના લખાણોને 'ધ લીટલ રીવ્યુ'થી પ્રતિષ્ઠા મળી. 'પોએટ્રી'માં કાર્લ એન્ડ બર્ગ અને રોબર્ટ ફ્રોસ્ટ ઝળકયા હતા. હેમિંગ્વે પોતે જ પૂર્ણ સમયના સંવાદદાતા રહેલા ડેનીઅલ ડિફોએ સાહિત્ય વિવેચનના દરવાજા સામાયિક - લેખન દ્વારા જ ખોલી આપ્યા હતા.

આ રીતે સાહિત્યિક પત્રકારત્વના ઉદ્ભવકાળે જ સમર્થ લેખકો - સર્જકો દ્વારા જ ઉત્તમ પ્રકારનું સાહિત્ય પીરસાયું એ અતિ મહત્ત્વનું છે. ડેનિયલ ડેફો, સ્ટર્ન, એડિસન વગેરે અંગ્રેજ લેખકોએ ઈંગ્લેન્ડમાં ઓગણીસમી સદીમાં ઉત્તમ સામાયિકો ચલાવેલાં જે સાહિત્યિક પત્રકારત્વનો પણ એક આદર્શ બની ગયો. એ યુગમાં તો પત્રકારત્વને સાહિત્યનું જ વિસ્તરણ ગણવાનું

ચલણ હતું. બંને વચ્ચેનો સંબંધ ગાઢ હતો. આ સંબંધે ઘણું બધું પૂરવાર કર્યું.

અખબારી - ધારવાહી નવલકથાનો ઉદ્ભવ ઘણાં સીમાચિહ્નોથી પ્રસ્તુત થયેલો ગણાય છે. શરૂઆતમાં પાશ્ચાત્ય સાહિત્યિક પત્રકારત્વમાં જે માહોલ રચાયો હતો જેના કારણે તેની અમાપ શકયતાને આપણે જોઈ શકયાં હતાં. વિષ્ણુ પંડયા નોંધે છે -

''જેને ઘણા સમય સુધી અને આજે પણ 'ચાલું નવલકથા' તરીકે ગણવામાં આવે છે તે ધારાવાહી કથાઓ દૈનિક અખબારોએ શરૂ કરેલી કેવી પરંપરા હતી તેનો ખ્યાલ તેના પરથી આવે છે કે રોબિન્સન ક્રુઝો (ડીફો) ફાધર્સ એન્ડ ચિલ્ડ્રન (તુર્ગનેય) અન્ના કેરેનીના (લિયો ટોલ્ટોય), ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ (દોસ્તોયવસ્કી) જેવી ઉત્કૃષ્ટ - કેટલીક તો ભારેખમ નવલકથાઓ ધારાવાહિક તરીકે જ પ્રકાશિત થયેલી.''[૬]

આપણે ગુજરાતી પત્રકારત્વને પણ આ દિશાએથી અને આ રીતે જોઈ શકીએ તેમ છીએ કારણ કે શરૂઆતમાં તો ગુજરાતી સાહિત્યના કેટલાક સર્જકોએ પત્રકારત્વને 'સાહિત્યની અનુભવ શાળા' ગણીને અપનાવેલું. દૈનિક પત્રકારત્વમાં એવું નામ ઝવેરચંદ મેઘાણી છે તેઓ કહે છે : ''મારાં સાહિત્ય જીવનનો આ અનુભવ, મને કોઈ પૂછે કે વાર્તાકારને માટે ઉત્તમ નિશાળ કઈ તો ખચકાયા વિના હું કહું કે પત્રકારત્વની નિશાળ.''[૭]

ઝવેરચંદ મેઘાણીની આ વાત ઘણી જ સૂચક - માર્મિક અને દસ્તાવેજી છે. કારણ કે મંતવ્ય માત્ર મંતવ્ય નથી પરંતુ ઈતિહાસ દર્શાવતું એક મહત્ત્વનું નિવેદન પણ છે. 'ગુજરાતી સાહિત્ય કોશ'-૩માં જણાવાયું છે કે ''દૈનિક પત્રકારત્વ વિકસ્યું, તેમ પત્રકારત્વ સંપૂર્ણપણે સ્વતંત્ર અને સ્વાયત્ત વ્યવસાય તરીકે સ્થાપિત થયું અને સાહિત્ય સાથેના અગાઉના ગાઢ સંબંધની ભૂમિકા અને સંદર્ભ બદલ્યાં''[૮]

સાહિત્ય અને પત્રકારત્વ સંદર્ભે ઉપરોકત મંતવ્ય પણ અતિ મહત્ત્વનું થઈ પડે છે. યાસીન દલાલ કહે છે : ''સ્વતંત્ર અને સ્વાયત્ત વ્યવસાય તરીકે સ્થાપિત થયું.'' એ વિધાન ઘણું ચર્ચિત કહી શકાય. વ્યવસાયએ સાહિત્યનું લક્ષણ નથી, છતાં છેલ્લી સદીઓમાં સાહિત્યની સામે આ ક્ષેત્ર ધીમે ધીમે ઉઘડતું ગયું છે, પરિણામે ધારાવાહિક નવલકથાઓ આ માટેનું એક સાધન બની ગયું. કારણ અખબારને પ્રસિધ્ધ કરવા નવલકથાએ મહત્ત્વની ભૂમિકા ભજવી. આ જુઓ - ''સમૂહ - માધ્યમોએ સાહિત્ય પર પ્રભાવ પાડયો છે અને સાહિત્ય પાસેથી સમૂહ -

માધ્યમોએ સામગ્રી મેળવી છે. એમાં સમૂહ માધ્યમ તરીકે પત્રકારત્વનું અને સાહિત્યનું સ્વરૂપ જુદું હોવા છતાં કયારેક એમની વચ્ચેની ભેદરેખા લોપાઈ જાય એવી અભિન્નતા બંને વચ્ચે પ્રવર્તે છે.''[૯]

સાહિત્ય અને સમાચાર માધ્યમો વચ્ચેનો આ સંબંધ અખબારી નવલકથાના ઉદ્ભવ અને વિકાસ માટે એવું મહત્ત્વનું પરિબળ બની ગયું છે. કારણ કે - પત્રકારત્વે અને તેમાંય સાહિત્યિક પત્રકારત્વે સાહિત્યને કાચી સામગ્રી આપી છે. કોઈ પ્રસંગની ચોટને તત્કાળ વ્યકત કરવા માટે સાહિત્યકાર અખબારનો આશરો પણ લે છે. ઘણીવાર આજનું અખબારી લખાણ આવતીકાલે સાહિત્ય બનતું હોય છે.

આ પ્રમાણેનો સંબંધ અત્યંત મહત્ત્વનો બની રહ્યો છે. એક સ્થિતિ એવી આવી ગઈ કે સાહિત્ય અને અખબાર એકમેકમાં ભળી ગયાં, આ સ્થિતિમાં જ અખબારી નવલકથા ફૂલી ફાલી છે. આથી જ ચંદ્રકાંત મહેતા કહે છે -

''શાશ્વત સાહિત્ય માટે પત્રકારત્વ અવરોધક નથી પરંતુ સહાયક આધાર છે, બંને પરસ્પરનાં પૂરક છે.''[૧૦]

આ પરસ્પર પૂરકની સ્થિતિથી ઘણા જ લાભ થાય છે. બંને ક્ષેત્રો એકબીજા સાથે જોડાયા છે તો બંને ક્ષેત્રોમાં પ્રાપ્તિ પણ થઈ છે. આ પ્રાપ્તિ એટલે ઉત્તમ સાહિત્ય અને ઉત્તમ સર્જકોની પ્રાપ્તિ. પત્રકારત્વે ઘણા સમર્થ સાહિત્યકારો આપ્યા છે. વળી સાહિત્ય અને પત્રકારત્વ બંનેમાં અભિવ્યિકતનું માધ્યમ શબ્દ હોવાથી બંને ભાષા પરત્વે સભાનતા ધરાવે છે. ગાંધીજી, ઝવેરચંદ મેઘાણી, અમૃતલાલ શેઠ, સ્વામી આનંદ વગેરેએ પત્રકારત્વમાં પ્રયોજેલી ભાષાઓએ સાહિત્યની સમૃદ્ધિમાં ઉમેરો કર્યો છે.

આ પ્રમાણે સાહિત્યનાં પત્રકારત્વ અને પત્રકારત્વમાં સાહિત્ય પરસ્પર એવી રીતે વિકાસ પામ્યાં છે કે જાણે સ્ત્રી - પુરુષ પરસ્પર જોડાયાં છે.

અખબારી નવલકથાના સંદર્ભે જે પણ સાહિત્યકારોએ પદાર્પણ કર્યુ છે તેની સામે 'લોકપ્રિયતાના દાસ' કે 'લોકપ્રિયતાના લાલચું' હોવાનો પ્રશ્ન ઉભો થયો છે. પરંતુ એ સમજી લેવાની જરૂર છે કે આ લોકપ્રિયતા ખોટી વસ્તુ નથી.

''લોકપ્રિય શબ્દ' ઘણાને ગાળ જેવો લાગ્યો છે, પણ કેટલાક સર્જકોને એ વિશેષણે ઊંચી

પ્રતિષ્ઠા અને ગૌરવ અપાવ્યાં છે.''[૧૧]

સાહિત્ય 'લોકપ્રિય' હોય એ શું ખોટું છે ? સાહિત્ય લોકપ્રિય બનવા માટે જ સર્જાયું છે. જો સાહિત્ય લોકપ્રિય ન બને તો સાહિત્યને રચવાનો કશો લાભ ? શું એ માત્ર નિજાનંદ માટે જ રચાવું જોઈએ ? સાહિત્ય લોકપ્રિય થાય એ માટે પત્રકારત્વનું ક્ષેત્ર પ્રયત્નો કરે તો એમાં ખોટું શું ? આથી જ નવલકથાને જયારે અખબારનો સાથ મળ્યો ત્યારે એ નવલકથા પૂરબહારમાં ખીલી છે. આ સંદર્ભે પરેશ નાયકનું વિધાન જોવા જેવું છે -

''નવલકથા એ આધુનિક કાળનું સાહિત્ય સ્વરૂપ છે. સભ્ય સમાજનું કમ્યુનિકેશનનું માધ્યમ છે. એ સ્વતંત્ર મનુષ્ય વડે અને સ્વતંત્ર મનુષ્યો માટે, સરજાયેલું સ્વરૂપ છે, કલારૂપ છે. એ સંકુચિત બુધ્ધિજીવીઓને ખિસ્સાખર્ચી રળી આપનાર વારાંગના નથી કે નથી થાકેલા નાગરિકોના મનનું રંજન કરવા માટે કરારવાદી કોઈ રખાત. મારે મન નવલકથાનું બીજું નામ 'એના કેરેનીના' છે. તો વળી એનું ત્રીજું નામ છે 'ચોખેર બાલિ'.''[૧૨]

નવલકથા લોકો માટે સર્જાય છે, તે સ્વતંત્ર છે એને કલાના ચુસ્ત બંધનમાં ગૂંગળાવીને મારી નાખવા કરતાં એને સ્વતંત્ર રીતે જીવવા દેવી એ વધારે સારું છે. પત્રકારત્વ સ્વતંત્ર છે તેમ નવલકથા પણ સ્વતંત્ર છે આથી જ બંને ક્ષેત્રોનું એવું મિલન થયું કે એમાંથી નવી અનેક વિકાસની શકયતાઓ ઊભી થઈ.

ગુજરાતી અખબારી નવલકથાની વિકાસરેખા - ઈતિહાસ જોઈએ તો અખબારી નવલકથા વિશિષ્ટ રીતે પોતાનો ઈતિહાસ ઘડે છે. એ ઈતિહાસની કેટલીક લાક્ષણિકતાઓ આ મુજબ છે.

★ અખબારી નવલકથા 'સ્વરૂપ' કરતાં 'લેખક' ઉપર વધારે મદાર રાખે છે તેથી ઈતિહાસમાં નવલકથાનું કળાસ્વરૂપ નહીં પણ લેખક પોતે ઉચ્ચસ્થાન ભોગવે છે.

★ અખબારી નવલકથાનો ઈતિહાસ જોતાં માલુમ પડયું છે કે એક જ લેખકની નવલકથાઓ છેક ચાલીસ - ચાલીસ વર્ષ સુધી અખબારોમાં વર્ચસ્વ ભોગવે છે. તેથી 'પ્રવાહ'નો સિધ્ધાંત તૂટી જાય છે અને 'લેખક' જ ઈતિહાસનું મહત્ત્વનું અંગ બની જાય છે. જેમ કે પ્રિયકાંત પરીખની નવલકથાઓએ લાંબા વર્ષો સુધી આધિપત્ય ભોગવ્યું છે.

★ ધારાવાહિક નવલકથાનો ઈતિહાસ સાલવારીની દષ્ટિએ જોવા કરતાં લેખક મુજબ

જોવા જઈએ તો જ સુગમ પડે તેમ છે.

★ કલાવાદી અને ઉચ્ચ શિષ્ટ નવલકથાઓની જેમ 'ધારાવાહિક નવલકથા'નો ઈતિહાસ તપાસવા જતાં અનેક મુશ્કેલીઓ નડે છે. તેમાં સળંગ પ્રવાહ જડવો મુશ્કેલ છે. કેમ કે ધારાવાહિક નવલકથાઓ અખબારની અલગ અલગ ધારામાં વહે છે. અલગ અખબાર અને અલગ ધારા એવું હોવાથી સાલવારી ક્રમશઃ જળવાતી નથી.

★ સાલવારી પ્રમાણે જો ઈતિહાસને તપાસવા જઈએ તો એક જ લેખક પચાસ વર્ષો સુધી પ્રવાહમાં ઉલ્લેખનીય બની રહે જેમ કે ઈ.સ. ૧૯૬૫ માં જેની નોંધ લીધી હોય તેની નોંધ ૨૦૦૦ની સાલમાં બીજી કોઈ નવલકથાથી લેવાની રહે છે. તેથી વારંવાર ઈતિહાસ તો કોઈ લેખકોનાં નામ આપતો જાય તો એ ઈતિહાસ પ્રવાહીતા જાળવી શકતો નથી.

★ આપણે ધારાવાહિક અખબારી ગુજરાતી નવલકથાનો ઈતિહાસ આથી જ લેખકવાર જોઈશું. ઝવેરચંદ મેઘાણી, ઈશ્વર પેટલીકર, પન્નાલાલ પટેલ, ગુણવંતરાય આચાર્ય વગેરેએ ગુજરાતી અખબારી નવલકથામાં ફાળો આપ્યો તો કનુ ભગદેવ, જેઠાલાલ સોમૈયા, મહેશ મસ્તફકીર, સુરેશ સોમપુરા, વિઠ્ઠલ પંડયા, સારંગ બારોટ, હસુ યાજ્ઞિક, મોહમ્મદ માંકડ, અશ્વિની ભટ્ટ, હરકિસન મહેતા, મહેશ યાજ્ઞિક, કાજલ ઓઝા વૈદ્ય જેવા સર્જકોએ પણ કામ કર્યું છે.

હવે આ સર્વેને વારાફરતી ચકાસીએ. પરંતુ એ પહેલાં બીજી કેટલીક વિશેષ ચર્ચા કરી લઈએ.

યાસિન દલાલનું આ વિધાન જોવા જેવું છે : "....આજના દૈનિકોમાં ધારાવાહી નવલકથા અનિવાર્ય ગણાય છે અને અમુક કટારોમાં પણ એવો વાર્તારસ હોય છે જે એને શુદ્ધ પત્રકારત્વમાંથી સાહિત્યના સંસ્પર્શ ભણી લઈ જાય છે."[૧૩]

આ પરથી કહી શકાય કે પત્રકારત્વનું માધ્યમ કંઈ સાવ જ નકામુ નથી. એણે સાહિત્યને પોષણ પૂરૂં પાડવાનું કાર્ય કર્યું છે. આ સંદર્ભે જ આ વિધાન જુઓ 'પાંચ દાયકાનું પરિદર્શન' લેખમાં બકુલ ટેલર નોંધે છે :

"અખબાર અને લોકપ્રિય સામાયિકોનું સાહિત્યિક પ્રદાન નવલકથાકારો કદાચ વધુ નોંધી શકે."[૧૪]

નવલકથાના મુખ્ય બે પ્રકારો (૧) સીધા પુસ્તકરૂપે પ્રસિધ્ધ થતી નવલકથાઓ (૨) અખબાર કે સામાયિક દ્વારા પ્રસિધ્ધ થતી નવલકથાઓ. આ બંને પ્રકારોમાં- ધીરૂબહેન પટેલ, રઘુવીર ચૌધરી, ઈશ્વર પેટલીકર, પન્નાલાલ પટેલ, કુંદનિકા કાપડિયા, વર્ષા અડાલજા, હરીન્દ્ર દવે, મધુરાય, ચંદ્રકાંત બક્ષી, ભગવતીકુમાર શર્મા, વીનેશ અંતાણી, ધ્રુવ ભટ્ટ, યોગેશ જોષી, બિન્દુ ભટ્ટ, ધીરેન્દ્ર મહેતા, માવજી મહેશ્વરી, દિનકર જોષી, કાજલ ઓઝા વૈદ્ય, રાઘવજી માધડ જેવાની નવલકથાઓ પ્રગટ થઈ તે જાણીતા સાહિત્યિક પુરસ્કારો પણ પામી.

અખબારી નવલકથાનો ઉદ્‌ભવ થયો છે તેની પાછળ આ કારણો જવાબદાર ગણાયાં છે :

(૧) સામાન્ય લોકો સુધી સાહિત્યને પહોંચાડવાની ઝૂંબેશ :

સાહિત્યકારો, સમાજના વિશિષ્ટ વ્યકિતઓ હોઈ એમનું સર્જન માત્ર સીમિત લોકો સુધી જ - કે જેઓ સર્જકની નિકટ હોય કે સંપર્કમાં હોય તેવા લોકો જ એમના સાહિત્ય વાંચી શકતા હતા. પુસ્તકાલયો માત્ર શહેરમાં જ હતાં, પુસ્તકો ખરીદવાનાં પૈસા નહોતા, આ સંજોગોમાં આ જરૂરી બન્યું.

(૨) સામાન્ય લોકોનો વિસ્તૃત આવકાર અને ભાવ - પ્રતિભાવ :

જયારે અખબાર કે સાપ્તાહિકોના માધ્યમથી નવલકથા રજૂ થવા લાગી ત્યારે તેને વાચક વર્ગે બહોળો આવકાર આપ્યો જેને કારણે નવલકથાને 'અખબારી' બનવામાં ઢાળ પ્રાપ્ત થયો.

(૩) અખબાર - સામાયિકનું સશકત માધ્યમ તરીકે ઉપસી આવતું ઉત્તમ માધ્યમ :

બીજીબાજુ અખબાર ધીમે ધીમે લોકોના બારણા સુધી પહોંચ્યું આથી પણ નવલકથાને લોકોના બારણાં સુધી પહોંચાડવામાં સુગમતા થઈ.

(૪) જિજ્ઞાસા - રોમાંચ - પ્રણય - આતુરતા - સન્નાટો - એક્શન - ઉત્તેજક કથાઓ - રહસ્યમય કથાઓ - સેકસ વગેરેથી લોકોની ઝંખનાની પરિપૂર્તિ :

સામાન્ય વાચકને કલાત્મક નવલકથા વાંચવામાં મુશ્કેલીઓ પડે છે તેથી જ અખબારી આલમ આ વાતને સમજીને સામાન્ય લોકોમાં ગ્રાહિત એવા ભાવો વિભાવો રજુ કરે છે. આથી જ કહી શકાય છે -

“ધારાવાહી નવલકથા, લઘુકથા, નવલિકા, કટાક્ષકાવ્યો, હાસ્યનિબંધ, લલિત નિબંધ, પ્રવાસ વર્ણન, ચિંતન અને પ્રસંગાનુસારી કાવ્યોના વિકાસમાં આપણે ત્યાં પત્રકારત્વે ફાળો આપ્યો છે.”[૧૫]

સામાન્ય વર્ગના જ આ સાહિત્ય સ્વરૂપો છે. સામાન્ય વાચક જે સ્વરૂપોને જાણે એ અથવા સ્વરૂપમાં રજૂ થતી સામગ્રીને જાણે છે તેનાં લક્ષણો આ પ્રમાણે છે :

અખબારી નવલકથાના ઉદભવ સ્થાને અને તે પછીથી જે વાચકવર્ગ ઊભો થયો તેમાં આ લક્ષણો પ્રચલિત છે.

(૧) આરંભ - મધ્ય અને અંતવાળી કથા :

અખબારી નવલકથાનો પ્રારંભિક તબક્કો છે : સ્પષ્ટ આરંભ - મધ્ય અને અંત ધરાવતા કથાઓ સર્જાવાનો છે. સામાન્ય વાચકો કથા કેન્દ્રી જ હોય છે. એને ધ્યાનમાં રાખીને પ્રારંભિક અખબારી નવલકથાઓ પસંદ કરવામાં આવતી હતી.

(૨) પરિચિત પાત્રો - ફિલ્મી લાગે તેવાં પાત્રો :

અખબારી નવલકથા : એ કલાત્મક નવલકથાનું પ્રસ્તુતિકરણ નથી પરંતુ જીવાત્મક નવલકથાનું તે પ્રસ્તુતિકરણ છે. તેથી તેમાં આવતાં પાત્રો વાસ્તવિક હોય છે.

ભોગીન્દ્રરાવ રતનલાલ દિવેટીયાની સામાજિક કથાઓમાં માત્ર પાત્ર ગણ જોઈ શકાય છે. સંભવિત (રીસ્પેકટીવ) ગૃહસ્થોને બદલે આમ પ્રજાનો પ્રવેશ થયો છે. આમ પ્રજાનાં પાત્રો અખબારી નવલકથાને સફળ બનાવે છે.

(૩) ઉત્તેજક - માહિતી પ્રચુર - દશ્યાત્મક વર્ણનો :

અખબારી નવલકથાનો પ્રારંભિક તબક્કો વિશેષ રીતે ધ્યાને ખેંચે છે. એ નવલકથાઓનું નિરીક્ષણ કરતાં માહિતી પ્રચુરતા કે દશ્યાત્મક વર્ણનોનું વર્ચસ્વ જોઈ શકાય છે. જેમ કે પાત્રનું નામથી માંડીને સ્થળ, ઘર, શરીર, શહેર બધું જ વિગતે વર્ણવવામાં આવ્યું છે. પ્રારંભની નવલકથાઓ અનેક રીતે સ્થળ - કામની સીધી વિગતો પર મદાર રાખે છે.

(૪) ચોટદાર - જોરદાર - ધારદાર સંવાદો :

સંવાદો, અખબારી નવલકથા માટે એક મહત્ત્વનું ઘટકતત્વ છે. સંવાદોમાં વિદ્વતા નહીં,

પંડિતાઈ નહીં પણ સાદાઈ એ મહત્ત્વનું ઘટક ગણી શકાયું. સામાન્ય વાચક સાથે રજૂ થતા સંવાદો પારદર્શક, સ્પષ્ટ વસ્તુસ્થિતિ નિર્દેશવાળા અને સરળ રહ્યા છે. અઘરા સંવાદો ભાવકને મુંઝવે છે, તે માટે અખબારી નવલકથામાં એવા સંવાદોને સભાનતાપૂર્વક રાખવામાં આવે છે. અખબારી નવલકથાનાં સંવાદો પૂર્ણ રીતે કથા-વાચક અને સર્જક વચ્ચે 'Communication' રચે છે.

(૫) આઘાતજનક પરિસ્થિતિ - વળાંકનું નિર્માણ :

અખબારી નવલકથામાં આઘાતજનક પરિસ્થિતિ - વળાંકનું નિર્માણ એક મહત્ત્વનું ઘટક તત્ત્વ બની રહ્યું છે. તેના ઉદ્‌ભવકાળથી જ આ ઘટક તત્ત્વ તેની સાથે રહ્યું છે. શાંત - લયબધ્ધ અને પ્રવાહિત કથાઓ કરતાં અશાંત - પ્રલયબધ્ધ અને ટુકડાવાળી કથાઓમાં રોમાંચ વધુને વધુ પ્રસ્તુત થાય છે.

(૬) વ્યવહાર - જીવન - સંઘર્ષ - યાત્રા અને સમસ્યાઓથી ઘેરાયેલાં પાત્રો અને સ્થિતિઓદ્‌:

અખબારી નવલકથામાં 'જીવન' એક આધારભૂત લક્ષણ તરીકે પ્રગટે છે. જોર્જ મેરિડિથે કહે છે કે - "એવી ભવિષ્યવાણી થઈ શકે કે આપણે નવલકથામાં જીવનદર્શનને સમાવી નહીં શકીએ તો વિશાળ વાચક વર્ગ મળેલો હોવા છતાં એ કલા નષ્ટ થઈ જશે."[૧૬]

આજે નવલકથા કળા અને જીવન વચ્ચે ઉભી છે ત્યારે અખબારી નવલકથાની ભૂમિકા પ્રશસ્ય છે.

(૭) વ્યાપક સમાજ દર્શન અને પ્રદેશનિરુપણ :

અખબારી - ધારાવાહિક નવલકથામાં વ્યાપક સમાજ દર્શન જરૂરી બને છે. તેનો ઉદ્‌ભવ વ્યકિત માટે જ નહીં પણ સમાજ માટે પણ થયો છે. અશ્વિની ભટ્ટ અને કાજલ ઓઝા વૈદ્ય આ પ્રત્યેનાં મહત્વપૂર્ણ ઉદાહરણો છે. ઈ.સ. ૧૯૫૦ થી આજ સુધીની કથાઓમાં મોટાભાગની સામાજિક કથાઓ પ્રસ્તુત થઈ છે.

અખબારી - પ્રસિધ્ધ ધારાવાહિક નવલકથા લખવાના આ બે અનુભવો જુઓ -

"શરૂઆતની નવલકથાઓ લાંબે ગાળે લખાતી એને પૂરી કરતાં ખાસ્સો સમય લાગતો. અમારા જેવા લેખક માટે સ્વતંત્ર કુટિયા હોય નહીં. મકાનના પાછલા અર્ધ બગીચા જેવા હિસ્સામાં ખુરશી નાખીને 'મન, મોતી ને કાચ'નું લેખનકાર્ય મેં કર્યું છે. દેશમાં ગયો ત્યારે

લોકોથી બચવા, ગામના વાંધાની પેલે પાર આદરભાવ રાખતા ભવાનભાઈના કૂવે જઈને લખવાનું પસંદ કરતો"[૧૭]

વિકાસની ભૂમિકામાં આ વિધાન પણ મહત્વનું કહેવાય : "લખવાની સાથો સાથ મારી સંવેદનાઓ વધુ જાગ્રત, વધુ ધારદાર બનતી ગઈ. એક રીતે આ મારા પોતાના ચિંતનની પણ વિકાસયાત્રા બની એમાંથી જ કેટલાક પ્રસંગોનું આલેખન થયું."[૧૮]

અખબારી નવલકથા લખનાર સર્જક પોતાની વિકાસયાત્રા જુએ છે, તેમાં જ આ ક્ષેત્રનો વિકાસ સમાવેશ પામે છે. ધારાવાહિક - અખબારી નવલકથાના વિકાસની ભૂમિકામાં મુદ્દાઓ વિચારણીય - નોંધનીય છે :

(૧) કથાવસ્તુ અને સામગ્રીની પરિચિતતા

(૨) પાત્રો અને પ્રસંગોનું જીવનાત્મક ચિત્રણ

(૩) માનવીય સંઘર્ષનું યથાતથ નિરૂપણ

આ બધી જ કહેવાતી ઢબ પર આધારિત છે. નવલકથા અંતે તો વાર્તા કહેવાની કળા છે. The art of story telling. વાચનરસ માટે રહસ્યોની ગૂંથણી, ઘટનાઓની ધમાચકડી, કસબનો વિનિયોગ - એ બધાંનો આશ્રય લેવો પણ પડે. પણ એ બધો તો પાન પરનો વરખ. પાનનો ખરો ગર તો નવલકથામાં નિરુપાયેલી વહેતા જીવનની મથામણ. મહિમા તેનો છે.

ધારાવાહિક નવલકથામાં અને તેના ઉદ્ભવ વિકાસમાં જે કંઈ પણ પરિબળો નજરે પડયાં છે, તેની ચર્ચા કર્યા બાદ અહીં ગુજરાતી અખબારી નવલકથાનો ઈતિહાસ આપવાનું વિચાર્યું છે.

સામાજિક સંપ્રજ્ઞતા પણ આ ક્ષેત્રનું એક મોટું પરિબળ ગણી શકાય તેમ છે.

"સામજિક સંપ્રજ્ઞતા સંસ્કૃત સાહિત્યમાં ન હતી એમ કહી શકાશે નહીં, પરંતુ ગુજરાતી નવલકથાએ જે માત્રામાં અને જે સ્વરૂપે એનો સ્વીકાર કર્યો એ સૂચવે છે કે અનુસંધાન ભારતની પ્રાચીન કૃતિઓ સાથે નથી, પશ્ચિમી આધુનિક કૃતિઓ સાથે છે."[૧૯]

વ્યકિત અને સમાજની દશા અને દિશા પણ અખબારી નવલકથાના વિકાસની ભૂમિકામાં મહત્ત્વનું યોગદાન કરે છે.

અખબારી નવલકથાનું નિરીક્ષણ કરતાં જે કાંઈ પરિબળો રૂપ તથ્યો અને માહિતીરૂપ વિગતો પ્રાપ્ત થઈ છે તેની ઝાંખી કરાવતાં રઘુવીર ચૌધરી લખે છે. આ લખાણ 'દરિયાલાલ' નવલકથાના સંદર્ભે લખાયેલું છે.

''રંજનકથા કે રહસ્ય કથાને સાહિત્યના ઈતિહાસની બહાર રાખવા સામે વાંધો લઈ શકાશે નહીં. કેમ કે એમનામાં કલાગત સુક્ષ્મતા કે જીવનગત ઊંડાણ હોતાં નથી....'' છતાં આ રંજનકથા ઘણી બધી વૈવિધ્યતા ધરાવે છે એને ભૂલવું જોઈએ નહીં.''[૨૦]

અખબારી નવલકથામાં જે વિભાગો જોવા મળે છે તે આ મુજબ છે :

(૧) વ્યકિતકથાઓ.

(૨) સમાજકથાઓ.

(૩) સંઘર્ષકથાઓ.

(૪) જાતિકથાઓ.

(૫) રહસ્યકથાઓ.

(૬) પ્રણયકથાઓ.

(૭) વિજ્ઞાનકથાઓ.

(૮) નારીકથાઓ.

(૯) દલિતકથાઓ.

આ પ્રકારો જ સૂચવે છે કે આજે અખબારી નવલકથાએ કેવી કેવી ક્ષમતાઓ સિદ્ધ કરી છે. આજે સ્થિતિ એ છે કે નવલકથા માત્ર સંશોધનો માટે, એવોર્ડ માટે, ફિલ્મ નિર્માણ માટે કે કોઈ ઉહાપોહ જગાવવા માટે જ રચવામાં આવે છે, તેમાં અખબારી નવલકથા સ્થિર ઉભી છે, તે સરાહનીય છે.

## અખબારી ગુજરાતી નવલકથાનો ઈતિહાસ :

સાહિત્યિક પત્રકારત્વનો ઈતિહાસ ૧૫૦ વર્ષથી ઉપરાંતનો છે. ઈ.સ. ૧૮૨૨માં પહેલા ગુજરાતી અખબાર તરીકે 'મુમબઈ સમાચાર' શરૂ થયું. આજે વિસ્તૃત ભૂમિકા પૂરી પાડી છે.

''અખબાર અને લોકપ્રિય સામાયિકોનું સાહિત્યિક પ્રદાન નવલકથાકારો કદાચ વધુ નોંધી શકે.'' એવું બકુલ ટેલર કહે છે. રઘુવીર ચૌધરી નોંધે છે કે - ''નવલકથાકાર અનાયાસ સુધારકની ફરજ અદા કરે તો એ કાર્ય ભલે સર્જનાત્મક ન હોય, રચનાત્મક પત્રકારત્વ તો ખરું જ. સાહિત્ય અને પત્રકારત્વ વચ્ચે અંતર એટલું જ છે કે પત્રકારત્વએ ઝડપથી રચાયેલું સાહિત્ય છે અને સાહિત્યએ ઘૂંટેલું પત્રકારત્વ છે.'' અખબારી નવલકથા માટે પણ આ જ લાગુ પાડી શકાય તેમ છે.''[૨૧]

ગુણવંતરાય આચાર્ય, કનૈયાલાલ મુનશી, ધૂમકેતુ, ર.વ. દેસાઈ, ઝવેરચંદ મેઘાણી, ધીરુબહેન પટેલ, રઘુવીર ચૌધરી, ઈશ્વર પેટલીકર, પન્નાલાલ પટેલ, કુંદનિકા કાપડિયા, વર્ષા અડાલજા, હરીન્દ્ર દવે, મધુરાય, ચંદ્રકાંત બક્ષી, ભગવતીકુમાર શર્મા, વીનેશ અંતાણી, ધ્રુવ ભટ્ટ, યોગેશ જોશી, બિન્દુ ભટ્ટ, ધીરેન્દ્ર મહેતા, માવજી મહેશ્વરી, દિનકર જોષી જેવાની જે નવલકથાઓ અખબારોમાં પ્રગટ થઈ તે જાણીતા સાહિત્યિક પુરસ્કારો પણ પામી છે.

લોકપ્રિય નવલકથાના પ્રકારોમાં કનુ ભગદેવ, જેઠાલાલ સોમૈયા, મહેશ મસ્ત ફકીર, સુરેશ સોમપુરા, વિઠ્ઠલ પંડયા, સારંગ બારોટ, હસુ યાજ્ઞિક, મોહમ્મદ માંકડ, અશ્વિની ભટ્ટ, હરકિસન મહેતા, કાજલ ઓઝા વૈદ્ય, મહેશ યાજ્ઞિક જેવા એ કામ કર્યું છે.

અખબારી નવલકથાની એક લાંબી યાદી જોવા મળે છે તેમાંથી કેટલીક પ્રસિદ્ધ નવલકથાઓની યાદી જોઈએ અને પછી ક્રમશઃ નવલકથાકાર મુજબ અખબારી નવલકથાના પ્રદાનની ચર્ચા કરીએ.

'એક ડાળ મીઠી' (ધીરુબહેન પટેલ), 'સાત પગલાં આકાશમાં', (કુંદનિકા કાપડિયા), 'પીળા રૂમાલની ગાંઠ', (હરકિસન મહેતા), 'આખેટ', (અશ્વિની ભટ્ટ), 'માણસ હોવાની મને બીક', (વિઠ્ઠલ પંડયા), 'સૂકી સરિતા, ભીનાં તટ' (મોહનલાલ પટેલ), 'બંધનગર ૧-૨' (મોહમ્મદ માંકડ), 'મૈં તો ચૂપચાપ ચાહ રહી', (મહેરી દવે), 'નાચે મનના મોર' (દોલત ભટ્ટ), 'ન કિનારો ન મઝધાર' (ભગવતીકુમાર શર્મા), 'પીવરી' (લાભશંકર ઠાકર), 'પ્રલંબપથ' (પિનાકિન દવે), 'ભીની માટી કોરાં મન' (જોસેફ મેકવાન), 'કોઈનું મીંઢળ કોઈના હાથે' (પ્રિયકાંત પરીખ), 'સરનામા વિનાનું ઘર' (દિનકર જોષી), 'ધૂંધળી ક્ષિતિજને

પાર', (હસુ યાજ્ઞિક), 'એક હતા દિવાન બહાદુર' (ઈલા આરબ મહેતા), 'ઝૂકે બાદલ ચૂમે ધરતી' (યશવંત મહેતા), 'કોઈ પૂછે તો કહેજો' (રજનીકુમાર પંડયા), 'તરૂણાનો ડુંગર' (નાનાભાઈ જેબલિયા), 'કાચા સૂતરને તાંતણે' (રઘુવીર ચૌધરી), 'માણસ હોવાની મને ચીડ' (ચીનુ મોદી), 'શ્રાવણ તારાં સરવડાં' (વર્ષા અડાલજા), 'વૈદર્ભી વનમાં વલવલે' (સુમંત રાવલ), 'લટહુકમ' (રવીન્દ્ર પારેખ) 'અડધા આકાશે ઉગતો સૂરજ' (કિશોરસિંહ સોલંકી), 'લેડીઝ હોસ્ટેલ' (કેશુભાઈ દેસાઈ), 'ખેલંદો' (મહેશ યાજ્ઞિક), 'એક જ દે ચિનગારી' (બકુલ દવે), 'પોસ્ટ મોર્ટમ', (નરેશ નાયક), 'તરસ એક ટહુકાની' (રાઘવજી માધડ) 'યોગ-વિયોગ' (કાજલ ઓઝા) આ બધી નવલકથાઓ તો માત્ર એક ઝાંખી છે. ચાલો, હવે ક્રમશઃ વિસ્તૃત ચર્ચા કરીએ.

ભોગીન્દ્રરાવ દિવેટિયાની નવલકથાઓ એક સાથે પાંચ પાંચ પત્રોમાં છપાતી એવી માહિતી 'અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રેરકબળો' વિશે લખતાં શ્રી અનંતરાય રાવળ આપે છે. 'મૃદુલા' 'ઉષાકાન્ત' આમાંથી મહત્ત્વની નવલકથાઓ છે.

'ઉષાકાન્ત'ના નાયક ઉષાકાન્તમાં સદ્‌ગુણોની ખોટ નથી. પણ લેખકે એની બુધ્ધિશકિત મધ્યમ રાખી છે. આ એક સમાજિક નવલકથા છે. ભોગીન્દ્રરાવ એમના મિત્રો સાથે અમદાવાદમાં 'બન્ધુ સમાજ' નામની સંસ્થા ચલાવતા એ ગાળામાં એવી માન્યતા હતી કે સંસ્થાઓ, સામાયિકો અને સાહિત્યકૃતિઓ દ્વારા સુધારાનું કામ થઈ શકે છે.

કનૈયાલાલ મુનશી અને ધૂમકેતુ જેવા સર્જકો પણ અખબાર દ્વારા ઐતિહાસિક અને પૌરાણિક નવલકથાઓનું એક ઘોડાપૂર લઈને આવે છે. સામાન્ય લોકોમાં પ્રચલિત થયેલી એમની વિવિધ નવલકથાઓ પછીથી જુદા જુદા પાત્રો દ્વારા સામાન્ય પ્રજા સમક્ષ રજૂ થાય છે. ત્યારે સમાજના ભાવકોમાં એનાં પાત્રો અને એની માવજતની ભારે ચર્ચાઓ થાય છે. 'જય સોમનાથ', 'ચૌલાદેવી' જેવી નવલકથાઓ તો ભારોભાર પ્રશંસાને પાત્ર બને છે. આ જ ક્રમમાં ચુનીલાલ પણ 'કુમકુમ અને આશ્કા' રજૂ કરે છે. ત્યારે એક જ વિષય પર લખાયેલી ત્રણેય નવલકથાઓમાં જુદી જ પરિસ્થિતિઓ છે :

"પાત્રોની વિભાવનામાં મડિયા મુનશી, અને ધૂમકેતુ કરતાં આગળ હોય એવી છાપ પાડે છે, પણ પાત્ર નિરૂપણની પધ્ધતિમાં એ ખાસ આગળ વધેલા લાગતા નથી."[૨૨]

મનુભાઈ પંચોળી 'દર્શક'ની 'ઝેર તો પીધાં છે જાણી જાણી' નવલકથા, 'સોક્રેટિસ' અને 'દીપ નિર્વાણ' પણ આ ગાળામાં મહત્ત્વની નવલકથાઓ સાબિત થઈ છે. રમણલાલ વસંતલાલ દેસાઈ આ ગાળાના એક મહત્ત્વના લોકપ્રિય સર્જક છે. એમની 'ગ્રામલક્ષ્મી' અને 'દિવ્યચક્ષુ'ની અખબારોમાં ઘણી જ ચર્ચાઓ જામી હતી.

"રમણલાલની દરેક કૃતિ સૂચવે છે કે આ લેખકને વર્તમાન પ્રશ્નોમાં જીવંત રહે છે. રમણલાલની સામાજિક પ્રતિબધ્ધતા એમની સર્ગશકિત કરતાં ચડી જાય છે."[૨૩]

પન્નાલાલની કેટલીક નવલકથાઓ સામાન્ય ભાવકોમાં એટલી બધી પ્રચલિત થઈ હતી કે તે નવલકથાઓ પછીથી અખબારોની પૂર્તિઓમાં ક્રમશઃ હપ્તાવાર ટૂંક સારરૂપે કે ચર્ચાના ભાગરૂપે રજૂ થઈ હતી. જો કે તેને અખબારી નવલકથા કહી શકાય નહીં. તેમ છતાં સામાન્ય જનતામાં - ભાવકોમાં તેમની 'માનવીની ભવાઈ', 'મળેલાં જીવ' વગેરે નવલકથાઓ ઘણી જ ચર્ચિત બની હતી.પછી અખબારી લેખકો તરીકે જેમનું નામ છે તે તો છે હરકિસન મહેતા અને અશ્વિની ભટ્ટ. ત્યારબાદ આ જૂથમાં બીજા અનેક નામો જોડાયા છે તેમાં સારંગ બારોટનું નામ અગ્રેસર કહી શકાય.

શ્રી સારંગ બારોટ છઠ્ઠા દાયકાના નવલ લેખક તરીકે 'અગનખેલ' આપે છે. 'અગનખેલ'નો નાયક કુંદન પ્રથમ પ્રેમને ન પામી શકવાની સાથે સમાજ અને ઘરની અવહેલના પામી ફિલ્મ જગતમાં લેખક તરીકે પહોંચે છે. આ ઉપરાંત બીજી નવલકથા 'શ્યામ સૂરજનાં અજવાળાં' નોંધનીય છે.

"જયારે અખબારી નવલકથા લખવાનું કાર્ય સાહિત્યકારોની દષ્ટિએ સૌથી નિકૃષ્ટ કાર્ય હતું. આવા લોકોને મુખ્ય ધારાના લેખકો અછૂત ગણતા હતા તેવા માહોલમાં - કે સાહિત્ય ગોષ્ઠિમાં એવા લેખકોનો કોઈ ઉલ્લેખ કરવામાં આવતો જ નહોતો અને આમંત્રણ પણ મળતું નહોતું એવા ગાળામાં પ્રિયકાંત પરીખની સાધના આશ્ચર્ય પમાડે તેવી છે. આ લેખકની નવલકથા વિશિષ્ટ રીતે પ્રગટ થાય છે. આ સંદર્ભે પ્રિયકાંત પરીખ લખે છે કે - ૨૦૦૫માં 'ગુજરાત સમાચાર'માં ધારાવાહી સ્વરૂપે સબળ-સરૂપ કથા અને શૈલીમાં પ્રગટેલી મને ખૂબ ગમેલી નવલકથા 'અંધાર ખુશ્બુ ભર્યો'નું કથાબીજ મને 'નવ ગુજરાત કોલેજ'માં જેને ભણાવેલી એ વિદ્યાર્થિનીના જીવનની ટ્રેજેડી પરથી મળેલી."[૨૪]

પ્રિયકાંત પરીખ એક લોકપ્રિય ધારાવાહિક નવલકથાઓના લેખક છે. તેમની મોટા ભાગની નવલકથાઓ અખબારી નવલકથાઓ છે. 'ગુજરાત સમાચાર', 'સંદેશ','લોકસત્તા', 'ફૂલછાપ', 'જયહિન્દ', 'વડોદરા સમાચાર', 'ગુજરાત ટાઈમ્સ', 'નૂતન ગુજરાત' વગેરેમાં છપાઇ છે. હપ્તાવાર છપાયેલી આ નવલકથાઓનું લીસ્ટ લાંબુ છે. તેમાંની મહત્વની નવલકથાઓની નોંધ કરીએ તો.. 'ધુમ્મસ છાંયો પંથ', 'કાં વરસો કાં વિખરાઓ', 'કોઇનું મીંઢળ કોઇના હાથે', 'સોનેરી સાગરની રૂપેરી માછલીઓ', 'આનંદ બંસરી', 'દૂર મંઝિલ દૂર કિનારા', 'દરિયા ડૂબ્યા સાત', 'પ્યાસી ધરતી પ્યાસુ ગગન', 'વચ્ચે આડી રાત', 'શોધ-પ્રતિશોધ', 'રણને તરસ ઝરણની', 'એક ફૂલ ગુલાબી સાંજે', 'સ્વપ્નપ્રયાણ', 'સૂરજ ઊગે ન ઊગે', 'એક ટુકડો આસમાન', 'બંધ મુઠ્ઠીમાં સૂરજ' વગેરેને ગણાવી શકાય.

પ્રિયકાન્ત પરીખ ફુલટાઇમ ધારાવાહિક લેખક છે. તેઓ કહે છે "'નવી ધરતી'ની સફળતાએ આત્મિવશ્વાસ જગાવ્યો. બીજી નવલકથા લખી 'પિયા બિન આવત નહીં ચૈન' આ મારી પહેલી નવલકથા."[૨૫]

કાજલ ઓઝા વૈદ્યનું નામ આ ક્ષેત્રે વિશેષ રીતે સંકળાયેલું છે, તેમની 'યોગ - વિયોગ', 'મધ્યબિંદુ', 'મૌનરાગ', 'પારિજાતનું પરોઢ', 'તારાં ચહેરાની લગોલગ', 'કૃષ્ણાયન' વગેરે આ ક્ષેત્રનું મહત્ત્વનું પ્રદાન છે. 'યોગવિયોગ' છઠ્ઠા પ્રકરણ સુધી ચાલી હતી. જયારે દિવ્ય ભાસ્કરની મધુરીમામાં મધ્યબિંદુ હપ્તાવાર છપાઈ હતી. એક એવી નાયિકાની કથા જે પતિ અને પ્રેમી બંનેને એકસરખી ઉત્કંટતાથી ચાહે છે. 'પારિજાતનું પરોઢ' ધર્મની ગાડી પર બેઠેલા એક એવા માણસની કથા, જેણે સત્યને ત્યજીને પ્રેમને અપનાવ્યો હતો. સ્વધર્મની વાત કહેતી આ બે વિધર્મીઓની પ્રણયકથા મધુરીમામાં  પ્રગટ થઈ. આ કથા એક થ્રીલર બની ગઈ હતી. તેની યાદ તાજી કરતાં લેખિકા લખે છે :

"......લખતાં લખતાં કયારે થ્રીલર બની ગઈ એની મને જ ખબર ના પડી એમ કહું તો ખોટું નથી !"[૨૬]

અખબારી નવલકથાના લેખકો નવલકથાના પ્રતિભાવો - પ્રતિક્રિયાઓ જાણવા ઉત્સુક રહે છે, તેથી તેઓ નવલકથાના અંતમાં નામ - સરનામું લખે છે. લોકપ્રિયતા અખબારી નવલકથાનું મહત્ત્વનું લક્ષણ છે.

અખબારી નવલકથાના પ્રચાર - પ્રસારમાં ઝડપ અને ગતિ જોવા મળે છે તેનું કારણ એ છે કે સામાન્ય વાચક એટલો બધો જિજ્ઞાસું હતો કે તેની પાસે - ઘરના દરવાજા સુધી પહોંચવાવાળું કથા સાહિત્યને તેણે તુરંત જ અપનાવી લીધું. અખબારી નવલકથાની લખવાની રીત પણ આમાં ઘણી જવાબદાર છે. જો કે આમ તો, નવલકથા લખવાની રીત પણ દરેક લેખકની જુદી જુદી હોય છે. કેટલાક લેખકો નવલકથા સ્ફુર્યા પછી શરૂઆત તો તરત જ કરે છે પરંતુ અમુક પ્રકરણો લખીને અટકી જાય છે અને ફરીથી એને સુધારીને લખે છે. કેટલાક લેખકો એનું કાચું માળખું તૈયાર કરવામાં મહિનાઓ લે છે. કેટલાક લેખકો આખી નવલકથા લખ્યા પછી એને ફરી ફરી લખે છે અને એમના પ્રથમ ડ્રાફ્ટથી ફાઈનલ ડ્રાફ્ટ તદ્દન જુદો હોય છે. પરંતુ આ બધી પ્રક્રિયા દરમ્યાન જે કંઈ થાય છે તે તો સર્જકની આંતરિક પ્રક્રિયા છે કે અંગત પ્રક્રિયા છે પણ જયારે નવલકથા ધારાવાહિક રૂપે પ્રસિદ્ધ થાય છે અને સામાન્ય વાચક સુધી પહોંચે છે ત્યારે તે કઈ પ્રક્રિયામાંથી પસાર થઈ છે તે તો ધ્યાનમાં જ નથી હોતું, માત્ર ધ્યાનમાં હોય છે. નવલકથાની કથા પાત્રો અને એમનો જીવન સંઘર્ષ.

આવી કથાઓ કયાંથી આવે છે ?

ધીરેન્દ્ર મહેતા અખબારી નવલકથામાં પ્રદાન કરનારા એક ઉલ્લેખનીય સર્જક છે. તેઓ કહે છે કે - "'વલય', 'ચિહ્ન', 'ભંડારી ભવન', 'ખોવાઈ ગયેલી વસ્તુ' અને દેખીતી રીતે જ 'છાવણી'ના વાચકોને પરિચય હશે તો ભુજના વિસ્તારો ઓળખાશે પણ આમાં કયાંય મેં ભુજનું નામ નથી પાડયું......"[૨૭]

કથા, પાત્ર, સંઘર્ષ, જીવન, સ્થળ, કાળ, વર્ણન, સંવાદ આ બધું લોકપ્રિય અને ધારાવાહિક નવલકથાનાં મુખ્ય લક્ષણો છે.

અખબારી નવલકથામાં જે ત્રણ વિભાગીય નામો વિશેષ ઉલ્લેખનીય છે તેની વાત કરીને સમગ્ર ઉદ્ભવ - વિકાસની ધરોહર ઓળખવાનો પ્રયત્ન કરીએ :

(૧) મોહમ્મદ માંકડ,મોહનલાલ પટેલ, વિઠ્ઠલ પંડયા :

પ્રથમ દષ્ટિએ પ્રથમ વિભાગમાં આ ક્ષેત્રે આ ત્રણનાં નામ મૂકી શકાય.

મોહમ્મદ માંકડ પાત્ર અને ભાષા પ્રત્યે સજાગતા દાખવે છે. તેમની નવલકથાનાં પાત્રો જે સ્થળનાં અને જે સ્તરનાં હોય એવી રીતે જ બોલે છે. ગામડાનો માણસ કે સ્ત્રી શહેરનાં હોય

એ રીતે બોલતાં નથી.

મોહનલાલ પટેલ નવલકથામાં એક ‘ટાઈમ કેપ્સુલ’ કહીને આચારવિચાર, રીતરીવાજ, ખોરાક, પહેરવેશ. તેમણે ઓગણીસમી સદીના માનવ સમાજને ભંડારી દીધો. જેનું ઉદાહરણ ‘ખાલીખેપ’ છે.

વિઠ્ઠલ પંડયાએ ‘મન, મોતી ને કાચ‘ દ્વારા ઘણી પ્રસિધ્ધિ મેળવી હતી. તેઓ કહે છે કે- “શરૂઆતની નવલકથાઓ લાંબેગાળે લખાતી. એને પૂરી થતાં ખાસ્સો સમય લાગતો. અમારા જેવા લેખક માટે સ્વતંત્ર કુટીયા હોય નહિ. મકાનના પાછલા અર્ધ બગીચા, ગામના વાંધાની પેલે પાર જેવા હિસ્સામાં ખુરશી નાખીને ‘મન, મોતી ને કાચ’નું લેખન કાર્ય મેં કર્યું છે.”[૨૮]

(૨) વર્ષા અડાલજા / કુંદનિકા કાપડિયા/કાજલ ઓઝા વૈદ્ય

અખબારી નવલકથામાં સ્ત્રી લેખિકાઓનું પ્રદાન પણ ધ્યાનપાત્ર છે. જેમાં મુખ્યત્વે જે સર્જકોએ ભાગ ભજવ્યો છે, તે આ પ્રકારે છે.

વર્ષા અડાલજાની ‘મારે પણ એક ઘર હોય’ અખબારી નવલકથાની સ્ત્રી વિષયક સામાયિકમાં હપ્તાવાર પ્રગટ થઈ હતી. બે બહેનોના અંતરંગ સંબંધની, એમની ઈચ્છાઓના ઘર્ષણની કથા છે. નાની બહેન સિઝોફ્રેનિક છે, મોટી બહેનને તેને માટે ઘણું ઘણું છોડવું પડે છે. એના હાસ્યની કિંમત પોતાનાં આંસુઓથી ચૂકવવી પડે છે ત્યારે તેનું મન વિદ્રોહ કરી ઉઠે છે. આથી આવી સામાજિક કથાઓ દ્વારા વર્ષાબહેને સ્ત્રી પ્રશ્નો - સ્ત્રી જાગૃતિ અને સ્ત્રી ચેતનાનું આલેખન કર્યું છે. કુંદનિકા કાપડિયાની પ્રસિધ્ધ થયેલી ‘સાત પગલાં આકાશમાં’ એક ધારાવાહિક નવલકથા છે. તેઓ લખે છે : “‘મારો ઉદેશ પુરુષ સમાજનો વાંક કાઢવાનો નહોતો, પણ પરંપરાગત, રૂઢીગત વિચારધારકો એ સ્ત્રી અને પુરુષ બંનેના માનસને જે રીતે બંદી બનાવેલું છે તેના પર ધ્યાન ખેંચવાનો જ નહિ પ્રહાર કરવાનો હતો.”[૨૯]

સ્ત્રી ચેતનાનું નિરૂપણ જોવા મળે છે

કાજલ ઓઝા વૈદ્ય લખે છે કે -

“અંગત અનુભવોમાંથી સર્જાયેલી કથાઓ મને આટલા વાચકો સુધી પહોંચાડશે એવી કયારેય કલ્પના ય કરી નહોતી, સાચું પૂછો તો મને આજે પણ એમ લાગે છે કે મને નવલકથાનું સ્વરૂપ સમજાતું નથી. મને આવડે એક જ વસ્તુ અને એ છે રસ તેવી શૈલીમાં મારી વાત

કહેવાની રીત...''[૩૦]

(૩) પ્રિયકાન્ત પરીખ, મહેશ યાજ્ઞિક, રાઘવજી માધડ

અખબારી નવલકથામાં જેઓએ સળંગ ઘણા વર્ષો નહીં પણ દાયકાઓ સુધી પ્રદાન કર્યું છે, તેવા નવલકથાકારોમાં પ્રિયકાન્ત પરીખ મોખરે છે. પ્રિયકાન્તની 'અંધાર ખુશબો ભર્યો' નવલકથા કથાવસ્તુ નિરૂપણ રીતિ, કરનાળી - ચાંદોદ - વડોદરા - શિકાગો, ઈન્ડિયાના જીવંત વાતાવરણ અને વિવિધ સ્તર-કક્ષાનાં પાત્રોને લીધે હૃદયસ્પર્શી નવલકથા બની છે જે લેખકની પણ પ્રિય કૃતિ છે.

મહેશ યાજ્ઞિક પણ આજના એક મહત્ત્વના અખબારી નવલકથાકાર છે.

મહેશ યાજ્ઞિક લખે છે કે....

''.......મારા ધંધાદારી અભિગમની આટલી નિખાલસ પ્રસ્તાવના એટલા માટે કે આજ સુધીમાં ગણીને માત્ર છ નવલકથા લખી છે. આમંત્રણ વગર લખતો નથી અને પુરસ્કારનું ધોરણ પણ સન્માનજનક હોવું જોઈએ.''[૩૧]

મહેશ યાજ્ઞિકે બહુ જ ઓછી નવલકથાઓ લખી છે પણ એ બધી જ અખબારી હોઈ એમનું નામ નોંધનીય છે.

જયારે રાઘવજી માધડ એ જ નકશે કદમ પર ચાલનારા સર્જક છે.

રાઘવજી માધડ લખે છે કે - ''વિષય વસ્તુનું સંકલન લાંબા પટ પર વિહરવું, પરિવેશ અને પરંપરાને પ્રતિબિંબિત કરવી, ભાષા રચના અને અભિવ્યકિત, પ્રસંગોની ગૂંથણી - આ બધું નજર સમક્ષ રાખ્યું છે.''[૩૨]

આ રીતે અખબારી નવલકથામાં જેઓએ પૂરજોશમાં કામ કર્યું છે તેવા આ નવ નવલકથાકારો ઉપરાંત ઘણા બધા નવલકથાઓ સાંપડે છે તેથી અહીં આવી ઘટનાઓનું નિરૂપણ કરીએ જે અખબારી નવલકથામાં અવિરલ ગણાય છે અને એના ઉદ્ભવ - વિકાસમાં ખૂબ જ ચર્ચાસ્પદ અને નોંધનીય છે !

કુન્દનિકા કાપડિયાની 'સાત પગલાં આકાશમાં' નવલકથા હપ્તાવાર જન્મભૂમિમાંથી પ્રગટ થતી હતી ત્યારે જે ઘટનાઓ બની તે સમગ્ર સાહિત્ય ક્ષેત્ર માટે ચોંકાવનારી હતી. એટલું જ

નહીં પણ માત્ર એક જ નવલકથા લખીને તેઓ ભારતભરમાં પ્રસિધ્ધ થઈ ગયાં.

કુન્દનિકાબેન લખે છે : ''આ વાત એકની નહોતી રહી. બધાં જ ઘરોની વાત હતી, આખા સમાજની વાત હતી. દંભી અને અન્યાયી સમાજની એટલે - સીધે સીધું લખાયું તો ભલે લખાયું, એમ મનમાં રહ્યું. ભલે આ કથા કલાકૃતિ બને તે કરતાં વધુ શાંતિદૂત બને. નવલકથામાં કલાતત્વની ઊણપ હોવાની ટીકા થઈ છે. પણ, લખાણ એવા તબક્કે પહોંચ્યું હતું એના સંદેશ દ્વારા નારી સમાજમાં જાગૃતિનો જુવાળ સર્જકની વાત જ મહત્ત્વની બની રહી.''[૩૩]

અખબારી નવલકથાના ધુરંધરો કહી શકાય એવા નામોમાં એક નામ છે દોલત ભટ્ટનું. અખબાર અને નવલકથાનો સંબંધ જોડનાર વ્યક્તિમાં - દોલત ભટ્ટ અખબારી નવલકથા લખનાર એક મહત્ત્વના સર્જક છે. તેમણે ક્રમશઃ 'વસમી વેળા', 'ધન્ય સોરઠ ધરા', 'નાચે મનનાં મોર', 'મનનો માણીગર', 'ધરતીની ફોરમ', 'પ્રીતના પડઘા', 'વહાલપનાં વેણ', 'વાંસળી વાગી વાલમની', 'કારભારી', 'દિલના ડંખ', 'વગડે વહેતી વાત', 'સરી જતી સાંજ' જેવી નવલકથાઓ આપી છે. તેઓ પોતાના આ અનુભવ વિશે કહે છે : ''.....જે કંઈ પાત્રો - પ્રસંગો - ઘટનાઓ - પ્રાપ્ત થઈ તે જે સમાજની વચ્ચે હું ગયો, વસ્યો - ફર્યો અને જીવંત સંપર્કમાં રહ્યો તેના પરિપાકરૂપે મારી નવલકથાઓમાં વિસ્તરી જે સમાજ વર્ગનાં પાત્રો દ્વારા બોલાતા સંવાદો, જે તે સમાજમાં બોલાતી ભાષા અને ભાવના લખ્યાં તેનાં પહેરવેશ રહેણી - કરણી અને કહેણીનું ચિત્ર ખડું કરવા સજાગ પ્રયત્ન કર્યો.''[૩૪]

પોતાની વિશિષ્ટ સર્જકતા અને વિશિષ્ટ પ્રકારની સૂઝ દ્વારા તેમણે આ ક્ષેત્રે મહત્વનું પ્રદાન કર્યું છે. ગુજરાતી ભાષા સાહિત્યમાં અખબારી નવલકથાનું સ્થાન હવે આ સમયમાં એક મહત્ત્વનું ધ્યાનબિંદુ બન્યું છે ત્યારે ઉપેક્ષા ભર્યા પહેલાના વાતાવરણમાં તેમણે ઘણું સુંદર કાર્ય કર્યું છે.

'આરતી અને અંગારા', 'પ્રેમયાત્રા', 'વીતી જશે આ રાત ?', 'મન નહિ માને', 'પડછાયા સંગ પ્રિત', 'ન કિનારો ન  મઝધાર', 'રીકતા', 'વ્યકત મધ્ય', 'ભીના સમય વનમાં' જેવી તેમની મહત્ત્વની નવલકથાઓ છે. તેમનું પ્રદાન વિશિષ્ટ બન્યું છે.

ભગવતીકુમાર શર્મા લખે છે કે - ''નારી 'લોકપ્રિય' અને સાહિત્યિક હોવા છતાં પુરી પ્રત્યાઘાતક્ષમ નવલકથાની ધારાઓમાંથી બીજા વર્ગની ધારા માટેની મારી અભિપ્સા !

'સમયદીપ'થી બળવત્તર બની. ગંભીર નવલકથાઓને વાચકો આવકારતા નથી એવી માન્યતા નિરાધાર છે.''[૩૫]

અખબારી નવલકથા સામાન્યતાની છાપ ભૂંસવામાં ભગવતીકુમાર શર્માનું પ્રદાન વિશેષ રહ્યું છે. તેઓએ લોકપ્રિયતા અને કલાત્મકતાના ગુણોનો સમન્વય કરીને લખેલી નવલકથાઓ ધીરે ધીરે વાચકવર્ગમાં લોકપ્રિય જ હતી અને આ થકી અખબારી નવલકથામાં એક નવો જ માહોલ સર્જાઈ રહ્યો હતો. જેમાં નવલકથાકારે પોતાનો 'હું સાંકળ્યો છે. તેથી જ તે આ પ્રકારની નવલકથાઓ બની છે. ''નવલકથા હું તેમાં મારી સંડોવણી વિના લખી શકયો નથી. 'પડછાયા સંગ પ્રીત', 'સમય દ્વિપ', 'રીકતા', 'ભીના સમયવનમાં' 'વ્યકત મધ્ય', 'ઊર્ધ્વ મૂલ', 'અસૂર્ય લોક', 'નિર્વિકલ્પ', 'સર્વમાં કયાંક હું છું'.''[૩૬]

સુમંત રાવલ અખબારી ધારાવાહિક નવલકથાના એક મહત્ત્વના લેખક છે. કારણ કે તેમની પંદર પૈકીની સાત નવલકથાઓ તો જુદા જુદા દૈનિકોમાં ધારાવાહિક તરીકે છપાઈ ચૂકી છે. 'વૈદર્ભી વનમાં વલવલે', 'અંધારાં ઊગ્યાં ઉજાસમાં', 'બંધ આંખોમાં આંસુ', 'પગલા પાછળ પડછાયા', 'ભીના કાચની આરપાર', આ પ્રકારની નવલકથાઓ છે.

તેઓ નવલકથા વિશેનો પોતાનો લેખન અનુભવ વ્યકત કરતાં કહે છે કે ''નવલકથાના આરંભે જે રીતે અંત વિચાર્યો હોય એવું મારી બાબતમાં નક્કી નથી હોતું. જેમ જેમ કથા પ્રવાહ આગળ ધપતો જાય તેમ તેમ એ કથા પ્રવાહમાં હું ખેંચાતો જઉ છું.''[૩૭]

દોલત ભટ્ટ એક સિધ્ધ હસ્ત નવલકથાકાર છે. તેમની 'વસમી વિદાય' નવલકથા પ્રભાત દૈનિકમાં છપાઈ હતી. તો કંઈક કંઈક ૬૮ હપ્તામાં ગુજરાત સમાચારની 'શતદલ' પૂર્તિમાં ધારાવાહિક પ્રગટ થતી હતી.

સુમંત રાવલનું પણ એક ચોકકસ સ્થાન ગણાવી શકાય તેમ છે. તો આધુનિક યુગના નવોદિત સર્જક રવીન્દ્ર પારેખે પણ એક - બે અખબારી નવલકથા લખવાનો પ્રયાસ કર્યો છે. એમની 'ક્રોસ વાયર', ચાલીસ જેટલાં પ્રકરણોમાં 'ગુજરાત મિત્ર'માં છપાઈ હતી. તેઓ આ વિશે લખે છે : ''......આટલું લાંબું લખવાનો મારો પહેલો અનુભવ. મોટા ફલક પર કામ થઈ શકે તે જાણી જોવાનો આ ઉપક્રમ કથા પ્રકારમાં ઉપકારક બનશે એમ હું ધારું છું.''[૩૮]

રવીન્દ્ર પારેખની નવલકથાઓમાં મુખ્યત્વે પ્રણય અને રહસ્ય ઉત્કૃષ્ટ રીતે વ્યકત થાય છે.

રવીન્દ્ર પારેખ ઘણી ઓછી નવલકથાઓની રચના કરી શકયા છે તેમ છતાં તેમણે રચેલી બધી જ નવલકથાઓ આપણી લોકપ્રિય શ્રેણીમાં સહજતાથી મુકી શકાય તેવી છે.

અખબારી નવલકથાને 'લોકપ્રિય' નવલકથાનું લેબલ લાગી ગયું છે, એમાં કોઈ બેમત નથી, પણ આ નવલકથા માત્ર લોકપ્રિય જ નથી પણ આ નવલકથાઓ 'કલાતત્વ'ને પણ ઉજાગર કરે છે. તેમાં મહેશ દવે એક જાણીતા ધારાવાહિક લેખક છે. તેમની ત્રણેય નવલકથાઓ અખબારી ધારાવાહિક સ્વરૂપે પ્રસિદ્ધ થઈ ચૂકી હતી. 'ઘટસ્ફોટ', 'ચકરાવો' અને 'મૈં તો ચૂપચાપ ચાહ રહી'.

તેઓ લખે છે કે "મારી ત્રણે નવલકથાઓ ધારાવાહિક રૂપે લખાઈ અને છપાઈ. આ રીતે લખાતી નવલકથાની કેટલીક શરતો છે. દરેક પ્રકરણે સાતત્ય સાધવાનું. પછીના પ્રકરણ માટે આતુરતા સર્જવાની. આ માટે બને તો આગલા પ્રકરણને અંતે સન્નાટો સર્જવાનો."[૩૯]

સાતત્ય, આતુરતા, સન્નાટો એ લોકપ્રિય લક્ષણો છે. આ નવલકથાકારે 'ઘટસ્ફોટ', 'ચકરાવો' અને 'મૈં તો ચૂપ ચાપ ચાહ રહી' જેવી નવલકથાઓ આપી છે. કેટલાક સિધ્ધહસ્ત નવલકથાકારો ચાલતી કલમે લખી શકે છે. મહેશ દવે પણ એવા જ નવલકથાકાર છે.

વિઠ્ઠલ પંડયા અખબારી નવલકથાના બાદશાહ કહી શકાય તેવા સાહિત્યકાર છે. તેમની પહેલી નવલકથા 'જનશકિત' દૈનિકમાં છપાઈ હતી, તેનું નામ હતું - 'મન મોતી ને કાચ', આ નવલકથાએ એટલી પ્રસિધ્ધિ મેળવી હતી કે આ શીર્ષક સૌમાં પ્રચલિત બની ગયું છે 'પ્રીત ન કીજીએ મોહપાશ', 'યાદોનાં ભીનાં રણ', 'સમણાં તો પંખીની જાત', 'અહીં તરસ ત્યાં વાદળી', 'માણસ હોવાની મને બીક', 'ચહેરા કોના છે દર્પણમાં ?', 'પ્રપંચ', 'મન મેલાં તન ઉજળાં', 'નજરબંધી', 'મીઠાં જળનાં મીન' વગેરે નવલકથાઓ વિવિધ અખબારોમાં ધારાવાહિકરૂપે પ્રસિધ્ધ થઈ હતી. તેમનું નામ આ ક્ષેત્રનું એક ઉલ્લેખનીય નામ બની જાય છે.

આ સંદર્ભે તેઓ લખે છે : ".....વાર્તા ઢીલી તો એ મને બિલકુલ ન ગમે ! દરેક પ્રકરણમાં પક્કડ હોવી જોઈએ. દરેક પ્રકરણ આગળ ગતિ કરતું દેખાવું જોઈએ. લોકેશન (સ્થળ) પણ બદલાતું રહેવું જોઈએ. ફિલ્મ ક્ષેત્રના ચીફ આસીસ્ટન્ટ તરીકે ૨૫ વરસ લગી કામ કર્યું એ તો અનુભવ. મેં મારા નવલકથા લેખનમાં જરા સમજી વિચારીને કામે લગાડયો

છે.”[૪૦]

તેમની નવલકથા સર્જનયાત્રા સહજ - સરળ અને લોકપ્રિય છે,તેમાં બેમત નથી. દિનકર જોષી, એક મહત્ત્વના લેખક છે કે જેમની નવલકથાઓ અખબારની ધારાવાહિકમાં જુદું જ સ્થાન પામી છે. જેમાં ‘તન ઝંખે મન રોય’, ‘તરસ્યાં પગલાં ત્રણ’, ‘કંકુના સૂરજ આથમ્યાં’, ‘એક ટુકડો આકાશનો’, ‘પ્રકાશનો પડછાયો’, ‘કાલે સૂરજને કહેજો’ ‘એકડાં વગરનાં મીડાં’, ‘સમી સાંજના પડછાયા’ વગેરેનો સમાવેશ થાય છે. તેઓ નવલકથા સર્જન અનુભવ વિશે કહે છે -

“નવલકથાકાર જો યાત્રિકની ભૂમિકાએ વિહાર કરતો હોય તો જયારે એ ગંતવ્ય સ્થાને પહોંચે છે ત્યારે માર્ગમાં આવેલા તમામ કષ્ટોને એ ભૂલી જાય છે અને અપાર કષ્ટો પછી પણ જે દર્શન થયું એનો જ આનંદ હોય છે.”[૪૧]

મોહનલાલ પટેલ પણ એક એવા નવલકથાકાર છે કે, જેમણે અખબારી નવલકથા ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. એમની ‘અંતિમદીપ’ ગુજરાતનો છેલ્લો રાજપૂત રાજા કર્ણદેવ. ‘ગુજરાત સમાચાર’માં પ્રગટ થઈ હતી. તેમણે આ નવલકથા જયારે મોકલી ત્યારે ગુજરાત સમાચારમાં ગુણવંતરાય આચાર્ય અને ઈશ્વર પેટલીકરની નવલકથાઓ ધારાવાહિકરૂપે વારાફરતી આવ્યા કરતી હતી. આ ગઢમાં ગાબડું પાડવાની શકયતા જણાતી નહોતી છતાં નવલકથા મોકલવાનું સાહસ કર્યું હતું. વળી એ દિવસોમાં ગુણવંત આચાર્યની સોલંકી કાળની ઐતિહાસિક નવલકથા ચાલતી હતી. મોહનલાલ પટેલ પોતાની અખબારી પ્રકાશિત નવલકથાઓ વિશે કહે છે કે -

“અત્યાર સુધી પ્રગટ થયેલી ૨૦ નવલકથાઓમાંથી ‘હેતનાં પારખાં’ સિવાય સઘળી રચનાઓ ‘ગુજરાત સમાચાર’, ‘સંદેશ’, ‘સમભાવ’, ‘પ્રભાત’ અને ‘હમલોગ’ દૈનિક સમાચારપત્રોમાં પ્રગટ થયેલી છે.”[૪૨]

આ બધી નવલકથાઓ ક્રમશઃ ‘ખાલીખેપ’, ‘સાંજ ઢળે’, ‘જલતા હિમગિરિ’, ‘શરણાં ન લાગે હાથ’, ‘નયન શોધે નીડ’, ‘ટહુકે પંખી કોઈ ઘટામાં’, ‘રણમાં છાઈ શ્યામ ઘટાં’, ‘પડદા જરી - કિનખાબના’, ‘અંધારી રાતના ઓળા’, ‘ભાસ-આભાસ’, ‘રઝળિયાત’, ‘સૂકી સરિતા ભીના તટ’, ‘ઘૂઘવે નિર્જળ દરિયો’, ‘લાંછન’, ‘ભવપ્રપંચ‘, ‘ડેડ એન્ડ’,

'દિયર ભાભી', 'બંધન' વગેરે છે.

જોસેફ મેકવાનની કેટલીક નવલકથાઓ અખબારની શોભા બની છે. તેમાં 'આંગળિયાત', 'ભીની માટી કોરાં મન', 'અંગવટો', 'મનમાની મિરાંત' મહત્ત્વની નવલકથાઓ કહી શકાય. આ નવલકથાઓએ દલિત સાહિત્યનો એક નવો જ માહોલ ઊભો કર્યો.

મોહમ્મદ માંકડ એક અત્યંત વ્યસ્ત તથા સતત લખતા રહેતા લેખક છે, જેમણે નવલકથા લેખનની શરૂઆત અખબારી પત્રકારત્વના ભાગરૂપે શરૂ કરી હતી. તેઓ લખે છે કે - "મેં ત્રીસેક નવલકથાઓ લખી છે. કારણ કે લેખન ઉપર જીવવા માટે મારે એમ કર્યા વિના છૂટકો જ નહોતો. પરંતુ હું જાણતો હતો કે દૈનિકમાં આવતી નવલકથાઓ પ્રસિધ્ધિ આપી શકે છે પરંતુ સિધ્ધિ આપી શકતી નથી."[૪૩]

મોહમ્મદ માંકડનું લેખન કાર્ય 'સંદેશ' નિમિત્તે ચાલ્યા કર્યું છે. મોટેભાગે દૈનિકની પૂર્તિમાં સામાન્ય રીતે બે લેખકો વારાફરતી લખતા હોય છે. એમણે નકકી કર્યું કે 'સંદેશ'માં જયારે બીજા લેખકની નવલકથા છપાતી હોય ત્યારે એ સમયમાં 'નવલકથા'ની શોધ કરવી. આ રીતે 'સંદેશ'માં તેમણે ૧૯૬૯ થી ૧૯૮૧ સુધી લખેલ હપ્તાવાર નવલકથાઓ વચ્ચેના આરામના સમયમાં ઘણી નવલકથાઓ લખી. મોહમ્મદ માંકડ લખે છે કે -

"એમાંની પાંચ - છ નવલકથાઓને જ હું મહત્ત્વની ગણું છું : 'ધુમ્મસ નામ ધીમેથી બોલજો', 'દંતકથા', 'બંધનગર ભાગ ૧-૨', 'અશ્વદોડ', 'ગ્રહણ રાત્રી', હપ્તાવાર લખાયેલી હોવા છતાં, અને સસ્પેન્સ - સ્ટોરી જેવી લાગતી હોવા છતાં, એમાં ગામડું - સ્થાનપુર - જ એક પાત્ર છે એટલે એને પણ મહત્ત્વની ગણું છું."[૪૪]

એમની બીજી અખબારી નવલકથાઓ જોઈએ તો - 'વહેમ', 'અંજામ', 'સપનું પાછલાં પહોરનું', 'આથમતાં સૂર્યના સોગન', 'મંદાર વૃક્ષ નીચે', 'એક પગ ઉંબર બહાર', 'હવામાં કોની સુગંધ', 'રાતવાસો', 'ખેલ', 'તમે કેમ રહ્યા અબોલ', 'ધૂમરી', 'હજી ચાંદમાં ડાઘ છે', 'ગ્રહણ રાત્રી', 'આગની આરપાર', 'અજાણ્યાં બે જણ' વગેરે.

મોહમ્મદ માંકડ છેલ્લા પચાસ વર્ષથી ધારાવાહી નવલકથા ક્ષેત્રે કાર્યરત એવા સર્જક છે. પ્રિયકાંત પરીખની જેમ જ તેઓ વિસ્તૃત બની શકયા છે.

હસુ યાજ્ઞિક એક અખબારી નવલકથાના રાહી છે, એમણે જુદા જુદા અખબારોમાં પોતાની

નવલકથાઓ હપ્તાવાર છપાવી છે. તેમાં 'ધરા ઊંચી', 'મુટુહટારીં', 'ફેરોન', 'અગ્નિકુંડ', 'ચક્રધર', 'યુગસંધી', અખબાર માટે જ લખાઈ હતી. તેઓ લખે છે : ''બચપણમાં ડિટેકટીવ સાહિત્ય વાંચ્યું ને હમણાં એ મુખ્ય સચિવ શ્રી સુધીરભાઈ માંકડના સૂચનથી સિડની સેલ્ડન જેવા લેખકોની સસ્પેન્સ કથાઓ વાંચી. આથી મારા વાચકોને વિશેષ રસ પડયો, એવી કથાઓ લખાઈ.''[૪૫]

આ ઉપરાંત તેમની 'રાત અધૂરી, વાત અધૂરી', 'ખારો પાટ', 'સોળ પછી' મહત્ત્વની નવલકથા છે.

આ ઉપરાંત ગુજરાતી અખબારી નવલકથામાં ઘણા બધા સર્જકોએ પોતાનું પ્રદાન કર્યું છે. આ બધામાં પિનાકીન દવે એક આશાસ્પદ નવલકથાકાર છે. ૧૯૭૯માં દલિત નેતાની કથા આલેખવાનો પ્રયાસ કર્યો હતો. તે અરસામાં 'ગુજરાત મિત્ર' દૈનિક માટે મારી પાસે નવલકથા માગતા હતા. તેમને આ નવલકથા મોકલી અને ખાસ લખ્યું કે વિષય વિવાદાસ્પદ છે માટે જોઈ - વિચારીને છાપજો અને તેઓ રૂબરૂ આવી તેમને હસ્તપ્રત પાછી આપી ગયા. અખબારી સાહિત્ય 'Choiceble' પસંદગી પૂર્ણ હોય છે.

પિનાકીન દવે એવા જ નવલકથાકાર છે, જેમની ઘણી નવલકથાઓ દૈનિકોમાં ધારાવાહિકરૂપે છપાઈ હતી. તેમાં 'કર્મબંધન' મુખ્ય છે. 'વિશ્વજિત', 'અનુબન્ધ', 'ત્રીજો સૂર', 'આભ વિનાનું આકાશ', 'આ તીર પેલે તીર', 'મોગરાની કળી', 'વિષવૃક્ષ ભાગ - ૧ - ૨,' 'અયોધ્યા', 'વરદાન', 'અભિષેક' વગેરે મહત્ત્વની નવલકથાઓ છે.

લાભશંકર ઠાકરની 'અનાપ સનાપ' હાસ્ય નવલકથા 'જન્મભૂમિ-પ્રવાસી'ની રવિવારની પૂર્તિમાં છપાઈ હતી. તેમની 'પીવરી' 'સમકાલીન'માં છપાઈ. 'મુંબઈ સમાચાર'માં 'લીલા સાગર' છપાઈ. હપ્તાવાર છપાતી આ નવલકથાઓ વિશિષ્ટ બની રહી. 'હાસ્યાયન' અને 'ચંપક ચાલીસા' જેવી નવલકથાઓ 'રંગતરંગ'માં ધારાવાહિક બની હતી.

યશવંત મહેતાનું નામ પણ વિશેષ ઉલ્લેખનીય કહી શકાય. તેમની 'ઝૂમે બાદલ ઝૂમે ધરતી', 'વિષવલ્લરી', 'સંમોહિતા', 'શ્વેત રાતના શ્યામ પડછાયા' મહત્ત્વની નવલકથાઓ છે. આ નવલકથાઓ બહુ લાંબાગાળા સુધી અખબારમાં રજૂ થતી રહી હતી. જેને બહોળો આવકાર મળ્યો હતો.

નાનાભાઈ જેબલીયાની કેટલીક નવલકથાઓ જુદા જુદા 'જયહિન્દ', 'ફૂલછાબ', 'કચ્છ મિત્ર', 'પ્રતાપ' જેવા દૈનિકોમાં છપાઈ હતી : જેમાં 'તરણાનો ડુંગર', 'લોહરેખા', 'રંગ બિલોરી કાચનાં', 'ઊગ્યા'તા શમણાને દેશ', 'ખાંભી' વગેરે મહત્ત્વની નવલકથાઓ છે.

લોકકથા અને આધુનિક સમાજને જોડીને ચાલતી તેમની કથાઓના પાત્રો અને પ્રસંગો સુચારૂ રીતે આગળ વધે છે.આ ગાળાના સર્જકો જેમાં એવા સર્જકો પણ છે, જે પ્રથમવાર જ નવલકથા સ્વરૂપને અજમાવી રહ્યા હતા અને ધારાવાહી ક્ષેત્રે નવી નવી જ કલમ ઉપાડતા હતા. તેમાં એક નામ વિશેષ છે કિશોરસિંહ સોલંકી. આ ગાળાના એક મહત્ત્વના લેખક છે. તેમણે અખબારી નવલકથા લખવાના પ્રશસ્ય પ્રયાસો કર્યા છે. તેમની 'પ્રકતુ' નવલકથા ગુજરાત સમાચારના 'શ્રી'માં છપાઈ હતી. 'પ્રકતુ'ની મુગ્ધ નાયિકા ઋતુકાળમાં આવ્યા પછી સપનાઓ જોવાનું શરૂ કરે છે, એ સપનાઓ આવતી કાલના છે.

પ્રણય, રહસ્ય, સન્નાટો, આતુરતા સર્જે તેવી ઘટનાઓ બિન્દાસ્ત પાત્રો અને આધુનિક જીવનશૈલી એ આજની ધારાવાહિક નવલકથાની મુખ્ય સામગ્રી છે. એમાં મહેશ યાજ્ઞિકનું નામ વિશેષ છે. મહેશ યાજ્ઞિક અખબારી નવલકથા લખનારા એક સમૃધ્ધ નવલકથાકાર છે. તેઓની નવલકથાઓ યુવાવર્ગની સાથે - સાથે સ્ત્રી અને યુવા વર્ગમાં પણ ઘણી લોકપ્રિય બની રહી છે. અનુક્રમે 'ખેલંદો' ૧-૨, 'રેશમડંખ', ૧-૨, 'શોધ - પ્રતિશોધ' ૧-૨, 'છળકપટ' ૧-૨, 'વેરશિખર' ૧-૨, 'પ્રેમ પ્રપંચ' વગેરે ઉલ્લેખનીય નવલકથાઓ છે.

છળ-કપટ, પ્રપંચ, ષડયંત્ર, ગુનાખોરી, શોધ - સંશોધન, ઉલટ તપાસ, કાયદો, પડકાર, ભૂગર્ભ પ્રવૃત્તિ વગેરે સામગ્રી પર આજની લોકપ્રિય - અખબારી નવલકથાની વિષય વસ્તુ બની છે.

એક નવલકથાના અંતમાં જ બીજી નવલકથાનો આરંભ જોતા લેખક બકુલ દવે પણ અખબારી નવલકથાની પરંપરાને આગળ ધપાવનાર એક મહત્ત્વના લેખક છે. 'સમભાવ', 'ફુલછાબ', 'જન્મભૂમિ', 'પ્રવાસી'માં તેમની નવલકથાઓ ધારાવાહિક સ્વરૂપે છપાઈ છે. જેમાં 'મનપાંચમના મેળામાં', 'આગમન', 'સમી સાંજની મહેંક', 'એક જ દે ચિનગારી', 'ભીતર પ્રગટયાં દીવા' વગેરેને ઉલ્લેખી શકાય. લેખક લખે છે કે -

''સર્જકે ધુમાડામાંથી આકાર પકડવાનો હોય છે. તે માટે ધ્યાન લગાવવું પડતું હોય છે,

જેથી કોઈ ચોકકસ ક્ષણ સરકી ન જાય.''[૪૬]

'ચોકકસ ક્ષણ' પકડવાની મથામણમાંથી ઉદ્‌ભવતી આ સર્જકની નવલકથાઓ વિશિષ્ટ રીતે પરંપરામાં ઉલ્લેખનીય બની રહી છે.

રાઘવજી માઘડ આજના ખાસ લોકપ્રિય નવલકથા લેખક છે. આજ સુધી તેમની નવ નવલકથાઓ પ્રગટ થઈ છે અને તેમાંની મોટાભાગની નવલકથાઓ કયાંકને કયાંક દૈનિકમાં ધારાવાહી સ્વરૂપે પ્રગટ થઈ છે. આ કથાઓમાં 'વંટોળ', 'સ્વપ્નદાહ', 'અતીતવન', 'ઉઘાડી આંખે સમણાં', 'તરસ એક ટહુકાની', 'આ પાર પેલે પાર', 'સગપણ એક ફુલ', 'સંગાથ', 'જળતીર્થ' વગેરે.

રાઘવજી માધડ આ નવલકથા લેખન વિશે નોંધે છે કે -

''ધારાવાહી નવલકથા લખવાનાં ભયસ્થાનો ખૂબ જ છે. તમે એક સાથે લખીને આપી દો તો સવાલ નથી પણ હપ્તે હપ્તે લખવાનું થાય ત્યારે દોરડા પર ચાલતા નટ જેવી સ્થિતિ હોય છે. તમે નજર કે બેલેન્સ ચૂકયા તો સીધા નીચે !''[૪૭]

રાઘવજી માધડ અખબારી નવલકથાને નટનો ખેલ કહે છે. તેમાં મનોરંજનની સાથે સાથે એકસાઈટમેન્ટ ઘણું જ મહત્ત્વનું બની રહે છે, એવું સૂચન પણ અહીંથી પ્રાપ્ત થાય છે.

ઈવાડેવ આ ગાળાના મહત્ત્વના લોકપ્રિય લેખક છે. તેમણે 'ઈસુને ચરણે' લખી જે 'નવનીત સમર્પણ'માં પ્રગટ થઈ. 'મિશ્રલોહી' તો, અમેરિકાથી પ્રગટ થતા 'ગુજરાત ટાઈમ્સ'માં હપ્તાવાર પ્રગટ થઈ.

યાસીન દલાલ  ગુ.સ. કોશ -૩ માં નોંધે છે કે - ''સાહિત્ય અને પત્રકારત્વને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો બંને પ્રત્યાયનનું કામ કરે છે, બંને સમૂહ માધ્યમો છે. સાહિત્ય અને પત્રકારત્વે બંને એકબીજાના સંપર્કથી લાભ મેળવ્યો છે. તો પત્રકારત્વ સાથેનાં વધુ પડતાં વળગણોએ સાહિત્યને થોડું લોકપ્રિય બનવાની લાલસાને લીધે નુકસાન પણ કર્યું છે.''[૪૮]

'લોકપ્રિયતા'એ ઉમદા વસ્તુ છે, પણ એમાં કેટલાક ભયસ્થાનો રહેલાં છે એની તરફ નિર્દેશ કરીને ધારાવાહિક નવલકથાકારોને જાણે કે તેમને ચેતવણી આપી છે. આ ચેતવણી માત્ર સૂચન નથી પણ અપનાવવા જેવો નિયમ પણ છે. એને ગ્રહણ કરીએ તો આપણે - સાહિત્યરસજ્ઞો આ વાતથી બચીશકે તેમ છે.

“આપણા લેખકની સર્જક શકિત નવલકથાના સમગ્ર પટ પર એના સર્વ અંશોમાં સાતત્યપૂર્વક, સંગતિપૂર્વક, એકસરખા ઊંડાણપૂર્વક ફરી મળતી નથી એ એની મર્યાદા છે.”[૪૯]

આ ફરિયાદને નિવારવાનો એક જ ઉપાય છે. સર્જકે સજ્જ થવાની જરૂર છે. જ્યાં સુધી સર્જક સજ્જ નહીં થાય ત્યાં સુધી સર્જન માતબર બની શકે નહીં. આ જ વાત મોહમ્મદ માંકડે આ રીતે કરી છે-

“મેં ત્રીસેક નવલકથાઓ લખી છે કારણ કે, લેખન ઉપર જીવવા માટે મારે એમ કર્યા વિના છૂટકો જ નહોતો પરંતુ હું જાણતો હતો કે દૈનિકમાં આવતી નવલકથાઓ પ્રસિદ્ધિ આપી શકે છે પરંતુ સિધ્ધિ આપી શકતી નથી.”[૫૦]

પ્રસિદ્ધિ એટલે લોકપ્રિયતા અને સિદ્ધિ એટલે પ્રતિષ્ઠા. શું લોકપ્રિય માત્રને માત્ર લોકપ્રિયતા જ અપાવી શકે આ એક ચર્ચાનો પ્રશ્ન છે.

અખબારી નવલકથા સંદર્ભે ઘણા નવા મુદ્દાઓ પણ રજૂ થયા છે. આ મુદ્દાઓમાં એક મુદ્દો છે - નવલકથા સ્વરૂપ અને એની અભિવ્યકિતનો. જે સર્વસામાન્ય નવલકથા સ્વરૂપ માટેનો છે.

“આ સંદર્ભમાં પેલો પ્રશ્ન ફરી જાગી શકે. ગુજરાતી નવલકથામાં ખૂટે છે શું ? પ્રશ્નનું પુનરાવર્તન થતું રહેશે પણ ઉત્તર જુદો જોઈશે. આજે કોઈ કહી શકે કે અનુભવ ખૂટે છે. અને અનુભવ નથી તો વૈવિધ્ય નથી.”[૫૧]

‘અનુભવોની અભિવ્યકિત’નો મુદ્દો જ નવલકથાના વિકાસ માટે મહત્ત્વનો બની રહે છે. પરંતુ અખબારી નવલકથા માટે જે વિકાસાત્મક પ્રશ્નો છે તે આ મુજબ છે :

(૧) વિષયવસ્તુ સમાજલક્ષી છે ?

(૨) પાત્રોનું અસ્તિત્વ અને વ્યક્તિત્વ સ્વીકાર યોગ્ય છે ?

(૩) એમાં રજૂ થતા પ્રસંગો - શાખાઓ બધું સર્વ માન્ય છે ?

(૪) ભાષા અને ભાષા પ્રયોગ ઔચિત્યક્ષમ છે ?

આ બધા પ્રશ્નો તો વિચારણીય છે જ સાથો સાથ એ પણ વિચારણીય છે કે - એક બાબત ધ્યાન ખેંચે એવી એ છે કે ઘણા લેખકોએ એક વખત પોતે લખેલી અને પ્રગટ થઈ ગયેલી

નવલકથાઓનું પુર્નસર્જન કર્યું છે અને નવે નામે નવલકથા પ્રગટ કરી છે. નવલકથા એ સાતત્યપૂર્ણ ઉપાસના માગે છે એનો આ પુરાવો છે. એકવાર લખી દીધા પછી પણ એ કથાવસ્તુ પીછો નથી છોડતું અથવા એને નવી ધાર કાઢી શકાય એવા કંઈક ખ્યાલે કદાચ લેખક ફરી એ દિશામાં જતો હશે.

અખબારી નવલકથા જ્યારે ધારાવાહિકરૂપે પ્રસિદ્ધ થતી હોય છે ત્યારે તે વાચકોને ટાર્ગેટ કરી બહેલાવવામાં આવી હોય એ શકય છે પણ જયારે પુસ્તકરૂપે તે પ્રસિદ્ધ થાય છે. ત્યારે તે નવલકથાઓ ગાળી ચાળીને વ્યવસ્થિત થતી હોય છે. પરંતુ આ પણ નોંધવું જોઈએ. ''માનવ અસ્તિત્ત્વમાં ભરતી - ઓટ પામતાં લાગણીનાં વિષ અને અમૃત ગુજરાતી નવલકથાના વાચક માટે અજાણ્યાં છે એમ અતિશયોકિત વહોરીનેય કહેવું પડે. પ્રયોગખોરીના નામે સટ્ટા ભલે ખેલાય, અભિવ્યકિતની શોધ અનુભવની અનુગામી હશે તો જ સાર્થક નીવડશે.''[૫૨]

પ્રયોગખોરી ધારાવાહિક નવલકથામાં ઘણી ઓછી છે તેથી જ તેનો વિકાસ ખળખળતી નદી જેવો છે. જ્યારે પ્રયોગખોરી એ કલાત્મકતાનું મહત્ત્વનું લક્ષણ છે.

એક એવી માન્યતા દૂર થઈ ગઈ છે કે લેખક મોટેભાગે પોતાના ભૂતકાળને નવા વાઘા પહેરાવીને નવલકથામાં રજૂ કરતો હોય છે, પણ એ માન્યતા આંશિક રીતે જ સાચી હોઈ શકે. કેમ કે અહીં એવા લેખકો છે કે જેમણે વિષયને અનુરૂપ વાતાવરણનો પ્રત્યક્ષ અનુભવ અને અભ્યાસ પણ કર્યો છે.... જીવનના નગ્ન વાસ્તવની સાથોસાથ એ આર્ષદષ્ટાનું કાર્ય પણ કરતો હોય છે. આપણા ઘણા લેખકો મોટા વાચક હોવા ઉપરાંત વિશ્વ સાહિત્યના પણ અભ્યાસી છે અને એટલે એમના લેખનને એનો લાભ મળ્યો છે.''[૫૩]

અખબારી નવલકથા આપવી એ કંઈ જેવી તેવી વાત નથી. કારણ ઘણાં છે. જેનો ઉદ્ભવ - વિકાસ જોતાં તારણરૂપ આ કારણો કાઢ્યાં છે :

(૧) વિશાળ વર્ગને સ્પર્શવા માટે કાબેલિયત જોઈએ.

(૨) ધારાવાહિકને પહોંચી વળવા માટેની સજ્જતા અને તત્પરતા તેમજ તાત્કાલિકતા જોઈએ.

(૩) સાતત્ય જાળવી રાખવા માટે પુરૂષાર્થ અને સૂઝ - બૂઝ જોઈએ.

(૪) સંપર્કો - વ્યવહારો અને સંબંધોને પહોંચી વળવાની અને ઊભા કરવાની તાલાવેલી

જોઈએ.

આ બધું હોય તો જ ધારાવાહિક નવલકથાકાર સફળ થઈ શકે.

છેલ્લા બે દાયકા દરમ્યાન આપણે ત્યાં સમૂહ માધ્યમો વધારે પગ વધારતાં રહયાં છે. સમૂહ માધ્યમો સુધી પહોંચવાની સર્જકની ક્ષમતા હોવી જરૂરી છે. સમૂહ માધ્યમ વિશે કહેવું છે કે એક તો એમનાં આગમનથી નવલકથાના પ્રયોજન સંબંધી વિચાર કરવો જોઈએ. બીજું એકેય સમૂહ માધ્યમો અને કથાઓ કેવી રીતે જોડાઈ શકે ? તેનો વિચાર કરવો જોઈએ.

વર્તમાનપત્ર, સામાયિકો, રેડિયો, ટેલિવિઝન, કોમ્પ્યુટર જેવાં માધ્યમોમાં નવલકથાની માંગ વધી રહી છે. ત્યાં સત્ય ઘટનાત્મક વાર્તાઓની માંગ ઊંચી છે. ડો. નરેશ વેદ આ સંદર્ભે ફરિયાદ કરે છે કે “આ સમૂહ માધ્યમોએ નવલકથાના સ્વરૂપ વિકાસમાં કશી વિધાયક ભૂમિકા ભજવી જણાતી નથી. ઊલટો એનો રકાસ કર્યો જણાય છે. આ માધ્યમોનાં પ્રચાર - પ્રસારથી લોકોની કથા પ્રત્યેની અપેક્ષાઓ બદલાઈ છે.”[૫૪]

આ અપેક્ષાઓ પૂરી થાય એ માટે તો લેખકે ઘણું ઝઝૂમવું પડશે, ઘણી મહેનત કરવી પડશે.

લોકો જે અપેક્ષાથી ફિલ્મ કે ટી.વી. કે વર્તમાનપત્રને જુએ છે, એ અપેક્ષાએ હવે નવલકથા વાંચવા માંગે છે. આથી જ લોકોની અપેક્ષાને પહોંચી વળવા ઘણી મહેનત જરૂરી બનશે. કારણ કે સમાજ બદલાયો છે, વાચક બદલાયો છે અને અખબારનો મિજાજ પણ બદલાયો છે. આથી નવલકથા સ્વરૂપને માટે બહુ જ પડકારરૂપ સ્થિતિ ઉભી થઈ છે.

અખબારી નવલકથા કે લોકપ્રિય નવલકથાની મર્યાદાઓ ઘણી છે છતાં તેની ઉપલબ્ધિ પણ એટલી જ છે. માત્ર તુલના કરીને જ એને સુધારી શકાય. નરેશ વેદ તો જુદું જ કહે છે : “આ એક ખતરનાક ચિહ્ન છે આવું જ વલણ વ્યાપક બનશે તો આપણને સર્જકને બદલે ટી.વી. અને ફિલ્મના સ્ક્રીપ્ટરાઈટરો જ મળશે. પ્રતિભાશાળી કથા સર્જક નહીં મળે.”[૫૫]

પરંતુ અહીં એ નોંધવું જોઈએ કે વિકાસ જરૂરી છે. તો એ માટે સમય પ્રમાણે ચાલવું પડશે. હાલમાં સ્થિતિ એ છે કે વિદ્યાર્થી મિત્રો અભ્યાસક્રમનાં પુસ્તકો પણ વાંચતાં નથી તો ઈતર વાંચન કેવી રીતે કરશે ? માહોલ બદલાયો છે તેથી સર્જકે બદલાવું પડશે.

*****

## સંદર્ભ સાહિત્ય


(૧) ડો. મહેતા ચંદ્રકાંત : 'પત્રકારત્વ સિદ્ધાંત અને અધ્યયન' પૃષ્ઠ - ૮૦

(૨) 'એજન' પૃષ્ઠ - ૮૧

(૩) 'એજન' પૃષ્ઠ - ૮૩

(૪) 'એજન' પૃષ્ઠ - ૮૪

(૫) 'એજન' પૃષ્ઠ - ૮૪

(૬) પંડયા વિષ્ણુ, 'સાહિત્યિક નિબંધો', પૃષ્ઠ - ૬૯-૭૦

(૭) મેઘાણી ઝવેરચંદ, 'સોરઠ તારા વહેતા પાણી' પૃષ્ઠ-૨

(૮) દલાલ યાસીન, 'ગુજરાતી સાહિત્ય કોશ-૩' પૃષ્ઠ-૫૯૦

(૯) શાહ પ્રીતિ, 'ગુ.સા.કોશ-૩', પૃ.-૬૦૧

(૧૦) મહેતા ચંદ્રકાંત, 'પત્રકારત્વ સિદ્ધાંત અને અધ્યયન', પૃષ્ઠ-૮૩

(૧૧) ત્રિવેદી હર્ષદ 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટોબર-નવે. ૨૦૦૭ પૃષ્ઠ-૮

(૧૨) નાયક પરેશ, 'શબ્દ સૃષ્ટિ-૨૦૦૭', પૃષ્ઠ-૨૫૨

(૧૩) દલાલ યાસીન, 'ગુ.સા.કોશ-૩', પૃષ્ઠ-૫૯૦

(૧૪) ટેલર બકુલ, 'શબ્દ સૃષ્ટિ', આક્ટો.-નવે.-૨૦૧૦, પૃષ્ઠ-૧૮૪

(૧૫) શાહ પ્રીતિ, 'ગુ.સા.કોશ-૩', પૃષ્ઠ-૬૦૧

(૧૬) ચૌધરી રઘુવીર, 'ગુજરાતી નવલકથા', પૃષ્ઠ-૯

(૧૭) પંડ્યા વિઠ્ઠલ 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો, નવે. ૨૦૦૭, પૃષ્ઠ-૧૯

(૧૮) કાપડિયા કુન્દનિકા, 'શબ્દ સૃષ્ટિ' ઓક્ટો.-નવે.૨૦૦૭, પૃષ્ઠ-૧૪

(૧૯) ચૌધરી રઘુવીર, 'ગુજરાતી નવલકથા', પૃષ્ઠ-૧

(૨૦) 'એજન', પૃષ્ઠ-૧૪૯

(૨૧) ચૌધરી રઘુવીર 'શબ્દ સૃષ્ટિ-ઓક્ટો.નવે. ૨૦૦૭', પૃષ્ઠ-૧૩૧

(૨૨) ચૌધરી રઘુવીર 'ગુજરાતી નવલકથા', પૃષ્ઠ-૧૮૪

(૨૩) 'એજન' પૃષ્ઠ-૧૫

(૨૪) પરીખ પ્રિયકાન્ત 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૮૮

(૨૫) 'એજન', પૃષ્ઠ-૧૧

(૨૬) ઓઝા કાજલ વૈદ્ય, 'શબ્દ સૃષ્ટિ' ઓકટો-નવે.૨૦૦૭, પૃષ્ઠ-૨૬૨

(૨૭) મહેતા ધીરેન્દ્ર, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૧૭૫

(૨૮) પંડયા વિઠ્ઠલ, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૧૯

(૨૯) કાપડીયા કુન્દનિકા, 'શબ્દ સૃષ્ટિ',ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૧૫

(૩૦) ઓઝા કાજલ વૈદ્ય, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭,પૃષ્ઠ-૨૬૧

(૩૧) યાજ્ઞિક મહેશ, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭,પૃષ્ઠ-૨૩૭

(૩૨) માધડ રાઘવજી, 'શબ્દ સૃષ્ટિ',ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૫૮

(૩૩) કાપડિયા કુન્દનિકા, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.૨૦૦૭, પૃષ્ઠ-૧૫

(૩૪) ભટ્ટ દોલત, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૫૨

(૩૫) શર્મા ભગવતીકુમાર, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૫૫

(૩૬) શર્મા ભગવતી કુમાર 'શબ્દ સૃષ્ટિ', પૃષ્ઠ-૫૬

(૩૭) ભટ્ટ દોલત, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૧૭૯

(૩૮) પારેખ રવીન્દ્ર, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૧૯૦

(૩૯) દવે મહેશ, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૪૫

(૪૦) પંડયા વિઠ્ઠલ, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૧૮

(૪૧) જોષી દિનકર 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૯૫

(૪૨) પટેલ મોહનલાલ, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૫

(૪૩) માંકડ મોહમ્મદ, 'શબ્દ સૃષ્ટિ', (ઓજસ), પૃષ્ઠ-૨૯

(૪૪) માંકડ મોહમ્મદ, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૯

(૪૫) યાજ્ઞિક હસુ, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૯૯

(૪૬) દવે બકુલ, 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૪૮

(૪૭) માધડ રાઘવજી 'શબ્દ સૃષ્ટિ', ઓક્ટો.-નવે.-૨૦૦૭,પૃષ્ઠ-૨૫૬

(૪૮) દલાલ યાસીન, 'ગુ.સાકોશ-૩'

(૪૯) કોઠારી જયંત, 'ઉપક્રમ', પૃષ્ઠ-૧૦૯

(૫૦) માંકડ મોહમ્મદ, 'શબ્દ સૃષ્ટિ' ઓક્ટો.-નવે.-૨૦૦૭, પૃષ્ઠ-૨૯

(૫૧) 'ગુજરાતી નવલકથા', પૃષ્ઠ-૫૨

(૫૨) 'ગુજરાતી નવલકથા', પૃષ્ઠ-૫૩

(૫૩) ત્રિવેદી હર્ષદ, 'શબ્દ સૃષ્ટિ' ૨૦૦૭,પ્રસ્તાવના પૃષ્ઠ-૮

(૫૪) વેદ નરેશ 'કથાદ્વીપ' પૃષ્ઠ-૧૨૧,

(૫૫) 'એજન', પૃષ્ઠ-૧૨૨

*****